**આજનો સુવિચાર**

જે વ્યક્તિ પોતાની ભૂલો માટે પોતાની સાથે જ લડે છે તેને કોઈ હરાવી શકતું નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૭૦ જૂનાગઢ તા.૦૧-૦૭-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 170, Junagadh : Date : 01 July, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# જૂનાગઢ જીલ્લામાં બારે મેઘ ખાંગા : માણાવદરમાં આભ ફાટયું - ૧૨ ઈંચ

## વંથલી, મેંદરડામાં ૮.૫ ઈંચ : વિસાવદરમાં ૮, જૂનાગઢમાં ૬, ભેસાણમાં ૫.૫ ઈંચ ધોધમાર વરસાદ : ગીરનાર પર્વત વિસ્તારમાં ૮ ઈંચ : કાળવો, સોનરખ, ગુડાજલી અને લોલ નદીમાં ઘોડાપુર : માણાવદર પંથક જળબંબાકાર : તંત્ર સાબદું




જૂનાગઢ તા. ૧

સમગ્ર જૂનાગઢ શહેર જીલ્લામાં મેઘો અનરાધાર વરસી રહયો છે. સમગ્ર સોરઠ પંથકમાં પાણી પાણી થઈ ગયું છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ આજે બપોરે ૧૨.૦૦ કલાકે પુરા થતાં છેલ્લા ૨૮ કલાક દરમ્યાન જૂનાગઢ જીલ્લાનાં માણાવદર ખાતે ૩૦૭ મી.મી. (૧૨ ઈંચ) કરતા વધુ વરસાદ ખાબકતા માણાવદર પંથક જળબંબાકાર થઈ ગયો છે. ભારે વરસાદને કારણે વંથલી - માણાવદરને જોડતો પુલ પાણીમાં ગરકાવ થયો છે. માણાવદર બાદ વંથલી ખાતે સૌથી વધુ ૨૧૯ મી.મી. (૮.૫ ઈંચ), મેંદરડા ૨૧૯ મી.મી. (૮.૫ ઈંચ), વિસાવદર ૨૦૪ મી.મી. ૮ ઈંચ, જૂનાગઢ શહેર અને ગ્રામ્ય ૧૫૪ મી.મી. (૬ ઈંચ), ભેસાણ ૧૩૬ મી.મી. (૫.૫ ઈંચ), કેશોદ ૧૨૭ મી.મી. (પાંચ ઈંચ), માળીયા હાટીના ૮૫ મી.મી. (૩.૫ ઈંચ) અને માંગરોળ ૬૦ મી.મી. (૨.૫ ઈંચ) વરસાદ નોંધાયો છે. આમ જૂનાગઢ જીલ્લાનાં તમામ ૧૦ તાલુકાઓમાં શ્રીકાર વરસાદ વરસી રહયો છે. જૂનાગઢ શહેર નજીક આવેલા ગિરનાર પર્વત ખાતે પણ ધોધમાર ૮ ઈંચ વરસાદ પડયો હોવાનું જાણવા મળે છે. ગીરનાર પર્વત પરથી નીકળતી સોનરખ, કાળવો, ગુડાજલી અને લોલ નદીમાં ઘોડાપુર આવ્યા છે. તેમજ ઓઝત વિયર ડેમ ઓવર ફલો થતાં વંથલી તાલુકાનાં ૪ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. માળીયા હાટીનાની મેઘલ નદી પણ બે કાંઠે વહી રહી છે. સાબલી નદીમાં પણ ઘોડાપુર આવ્યા છે. જીલ્લાની લગભગ તમામ નદીઓ બે કાંઠે વહી રહી છે. નદી -નાળા ચેકડેમ ઉભરાઈ રહયા છે. આ લખાય રહયું છે ત્યારે પણ ધોધમાર વરસાદ વરસી રહયો છે. માણાવદર પંથકમાં જયાં સ્થળ ત્યાં જળની સ્થિતિ સર્જાઈ ગઈ છે. તંત્રને એલર્ટ કરવામાં આવ્યું છે અને સંભવીત કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ડીઝાસ્ટર મેનેજમેન્ટ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# દેશમાં આજથી નવા કાયદાઓ લાગુ : અંગ્રેજોનાં સમયનાં કાયદાઓ ખતમ

નવી દિલ્હી, તા. ૧

દેશમાં આજથી નવી ભારતીય ન્યાયસંહિતા (ન્યુ ક્રિમીનલ લોઝ) લાગુ થઈ ગઈ છે. તે અંતર્ગત રાજધાની દિલ્હીમાં રેંકડીનું દબાણ કરનાર સામે કલમ ૧૭૩ હેઠળ સૌપ્રથમ કેસ દાખલ કરવામાં આવ્યો છે. ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) અંતગર્ત સેન્ટ્રલ દિલ્હીના કમલા માર્કેટ પોલીસ મથકમાં નવા કાયદા મુજબ આજે પ્રથમ એફઆઈઆર નોંધાઈ છે. મોડી રાત્રે પેટ્રોલિંગ કરી રહેલી પોલીસની ટીમે જોયું હતું કે નવી દિલ્હી રેલવે સ્ટેશન પાસે એક વ્યક્તિ રસ્તા વચ્ચે રેકડી લગાવી છે. ગુટખા વેચી રહ્યો છે. તેના લીધે લોકોને અવર-જવરમાં સમસ્યા ઉભી થઈ રહી છે. ત્યારબાદ પોલીસે આ વ્યક્તિ વિરૂદ્ધ બીએનએસ અંતગર્ત પ્રથમ એફઆઈઆર નોંધી છે.

અત્યાર સુધી દેશમાં અંગ્રેજો વખતના કાયદા લાગુ હતા હવે આજથી દેશ પોતાના કાયદા મુજબ ચાલશે. ત્રણ નવા કાયદા આવ્યા બાદ અનેક કલમો બદલાઈ ગઈ છે. ન્યાયસંહિતા ૨૦૨૩, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ અને ભારતીય નાગરિક સુરક્ષાસંહિતા ૨૦૨૩એ આઈપીસી અને સીઆરપીસીની જગ્યા લીધી છે. આજથી જે પણ ગુનો નોંધાશે એ નવા કાયદા હેઠળ નોંધવામાં, સાંભળવામાં અને ચલાવવામાં આવશે.બીએનએસમાં ૩૫૮ કલમ છે. જે આઈપીસીમાં રહેલી ૫૧૧થી ઓછી છે. ૨૧ નવા ગુના દાખલ કરવામાં આવ્યા છે. ૪૧ ગુના માટે જેલવાસની મુદત વધારી દેવામાં આવી છે. ૮૨ ગુના માટે દંડ વધારાયો છે. ૨૫ ગુનામાં ઓછામાં ઓછી સજા અને ૬ અપરાધોમાં સામુદાયિક સેવા શરૂ કરવામાં આવી છે. ૧૯ કલમો દુર કરવામાં આવી છે. બીએનએસએસમાં સીઆરપીસીમાં ૪૪૪ની સરખામણીએ ૫૩૧ કલમો છે. જેમાં ૧૭૭માં ફેરફાર, ૯ કલમો અને ૩૯ પેટા કલમો ઉમેરવામાં આવી છે. ૧૪ કલમ દુર કરવામાં આવેલ છે.

## લોનાવાલામાં દુર્ઘટના : એકજ પરીવારનાં પાંચ ડુબ્યા

મુંબઈ, તા.૧

મહારાષ્ટ્રના પૂણેના લોનાવાલામાં આવેલ ભૂશી ડેમ નજીકના રેલવે વોટર ફોલમાં ધોધની મજા લેતા પાંચ પરિવારજનો તણાઈ જતા તે પૈકી ૪૦ વર્ષની મહિલા અને ૧૩ તથા ૮ વર્ષની બાળકીના ડૂબી જવાથી મોત થયા છે. આ પરિવાર તણાતો હતો તેનો અંતિમ વિડીયો વાયરલ થયો છે કહેવામાં આવી રહ્યું છે કે હજુ પણ બે બાળકો ગુમ છે. ગુમ થયેલા બાળકોની ઉંમર ૬ થી ૯ વર્ષની વચ્ચે છે. તેમની શોધખોળ કરવામાં આવી રહી છે. જ્યારે ત્રણ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. લોનાવાલા શહેર પોલીસ અને શિવ દુર્ગ બચાવ ટીમ દ્વારા શોધખોળ ચાલુ છે. પુણે દેહાતના પોલીસ અધિક્ષક પંકજ દેશમુખે જણાવ્યું હતું કે આ ઘટના બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ બની હતી, જેના પગલે સર્ચ અને રેસ્ક્યૂ ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. વરસાદની મોસમમાં અહીં આવનારા લોકોની સંખ્યા વધી જાય છે.

## કોમર્શીયલ ગેસ સિલિન્ડરનાં ભાવમાં રૂા. ૩૦નો ઘટાડો



નવી દિલ્હી,તા.૧

દર મહિનાની પહેલી તારીખે ઓઈલ કંપનીઓ સવારે ૬ વાગ્યે એલપીજી સિલિન્ડરના ભાવ અપડેટ કરે છે. જે મુજબ આજે ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રાહત આપી ૩૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે. આ ત્રીજા મહિને કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરાયો છે. અલબત, ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરાયો નથી. દિલ્હીમાં આજથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરથી કિંમત ૧૬૭૬ રૂપિયામાં ૩૦ રૂપિયા ઘટીને ૧૬૪૬ રૂપિયા થઈ ગઈ છે. એજ રીતે મુંબઈ, કોલકાતા, ચેન્નાઈમાં એલપીજી સિલિન્ડરના ભાવોમાં રૂા.૩૦નો ઘટાડો થયો છે.

## રાજયનાં ૮ જીલ્લામાં વરસાદનું રેડએલર્ટ : તંત્ર સાબદું

અમદાવાદ તા. ૧

હવામાન વિભાગની આગાહી મુજબ સમગ્ર રાજયમાં ચોમાસું જામ્યું છે અને આગાહી પ્રમાણે રાજયનાં ૮ જીલ્લામાં વરસાદનું રેડએલર્ટ આપવામાં આવ્યું છે તેમાં જૂનાગઢ, પોરબંદર, દ્વારકા, જામનગર, કચ્છ, વસલાડ, દાદરાનગર હવેલી, સુરત, નવસારી અને વલસાડનો સમાવેશ થાય છે. જયારે ૧૪ જીલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૧૦ જીલ્લામાં યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

સ્ટેટ વેધર ઈમરજન્સી સેન્ટરના રિપોર્ટમાં જણાવાયા પ્રમાણે આજે સવારે પુરા થયેલા ચોવીસ કલાક દરમિયાન રાજયના ૨૧૪ તાલુકામાં સાડા આઠ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. સુરતના પલસાણામાં ૧ થી સાડા આઠ ઈંચ વરસાદ પડયો હતો. મહુવામાં સાત ઈંચ, બારડોલી, ઓલપાડ તથા કામરેજમાં ૬-૬ ઈંચ અને સુરત શહેરમાં સાડા પાંચ ઈંચ વરસાદ પડયો હતો.


જુલાઈ મહિનામાં વૉકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ દ્વારા સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સની ક્લિનિક આપના શહેરમાં

ડો. જીગરસિંહ જાડેજા — તારીખ: 06 જુલાઈ 2024, શનિવાર — મગજ અને કરોડરજ્જુના નિષ્ણાંત વેરાવળ માં
ડો. વર્ષિત હાથી — તારીખ: 10 જુલાઈ 2024, બુધવાર — અમારા હૃદય રોગના નિષ્ણાંત જૂનાગઢ માં
ડો. નયન ટીંબડીયા — તારીખ: 10 જુલાઈ 2024, બુધવાર — કિડની, મૂત્રાશય અને પુરુષ રોગોના નિષ્ણાંત જૂનાગઢ માં
ડૉ. અભિષેક રાવલ — તારીખ: 11 જુલાઈ 2024, ગુરુવાર — અમારા સિનિયર હૃદયરોગ નિષ્ણાંત વેરાવળ માં
ડો. વિરલ વસાણી (ડો. કાંત જોગાણી ના ટીમ માંથી) — તારીખ: 25 જુલાઈ 2024, ગુરુવાર — મગજ અને કરોડરજ્જુના નિષ્ણાંત વેરાવળ માં

એપોઈન્ટમેન્ટ અને વધુ માહિતી માટે સંપર્ક કરો : 95120 15843
WOCKHARDT HOSPITALS — NEW AGE LIFE WINS — Rajkot

ડૉ. દિપેન જે. સુબા
॥ આદિત્ય ॥ ક્લીનીક
શું તમે શારીરિક દુઃખાવા થી પીડાવ છો ?
શું તમે પીડારહીત હલન ચલન નથી કરી શકતા ?
શું તમે સાંધા-સ્નાયુ-નસ-રગનાં દર્દો + ઓર્થો. દુઃખાવા માટે કાપ-કુપ/એમ.આર.આઈ વગરનો વિકલ્પ શોધી રહયા છો?
શું શરીરના સાંધાની જકડન, સોજા, મેંક, મચકોડ, માંસપેશીના દર્દો, તુટ-ફુટ / વા જેવી તકલીફો થી આડઅસર વગર રાહત મેળવવી શકય છે? તો જવાબ છે, ॥ આદિત્ય કલીનીક ॥
ભારત + અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલ્સનો અનુભવ મેળવી કલીનીકલ પ્રેકટીસમાં કાર્યરત
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફલોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

Tunwal
Tunwal E-Vehicle
Ride Along with us To The Future!
Tunwal E-Motors Private Limited
TEM G-33 · MINI LITHINO · SPORT 65 48V · ROMAS · Storm zx plus
સ્ટુડન્ટને રૂા. ૧૨૦૦૦/- રાજય સરકાર તરફથી સબસીડી મળવાપાત્ર
SHREEJI E-BIKE
Applewood Township, Cristal-B, Opp. Anjani Petrol Pump, Vanthali Road, Junagadh. Mo. 99746 20698, 98241 89639

PRAMUKH ebike
All Electric Bike Sales and Service
NIJ
સામાન્ય મધ્યમવર્ગ તેમજ ખેડુતો, ડિલીવરીમેન, ધંધાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તક...
વિશેષતાઓ :- સરળ હપ્તાની લોન પર આજે જ વસાવો અને તમારી સવારીને ઈકોફેન્ડલી બનાવો
• નોર્મલ પ્લગમાં ચાર્જીંગ કરી શકો. • ડીઝીટલ ડીસ્પ્લે. • ટયુબલેસ ટાયર • હેવી ડયુટી ચોઇસ • સ્ટાઈલીસ ટ્રેન્ડી લુક
• સરળ કી-લેસ ઓપરેટીંગ • ડયુઅલ હાઈડ્રોલીક સસ્પેન્શન • સેન્ટ્રલ લોક સીસ્ટમ • એન્ટી થેફ્ટ સાયરન ઉપલબ્ધ
• ક્રુઝ કન્ટ્રોલ • રીવર્સ મોડ • યુ.એસ.બી. મોડ • વિશાળ લેગ રૂમ
Shop No. 3, 4, 5, 14, Cristal Complex, Applewood Society, Opp. Anjali Petrol Pump, Vanthali Road, Madhuram, Junagadh-362 001.
Office: +91 83202 08903, +91 90890 90490 | E-mail : pramukhebike@yahoo.com

# વડાલ ગામનાં લોકોને હેરાનગતી કરાતી હોવાથી જીલ્લા કલેકટરને આવેદન અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

વડાલ ગામે રહેતા નાના અને ગરીબ પરિવારોને કરાતી હેરાનગતિને દૂર કરવા સ્થાનિક લોકોએ જિલ્લા કલેકટરને સંબોધીને એક આવેદન નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરીને આપ્યું છે. આવેદનમાં જણાવાયું છે કે, એક વકીલ દ્વારા તાલુકા વહિવટી તંત્ર અને જિલ્લા વહિવટી તંત્રમાં ખોટી અરજીઓ કરી વહિવટી તંત્રને પણ ગેરમાર્ગે દોરવામાં આવે છે. અમે જે મકાનોમાં રહીએ છીએ તે મકાનો ખાલી કરાવી અને ઘર વિહોણા કરવા માંગે છે. ખાસ તો એટલા માટે આવું કરાય છે કે તે લોકોને હપ્તા જોઈએ છે. જો ગામમાં રહેવું હોય તો અમોને માસિક હપ્તા આપવા પડશે નહિતર ઘર વિહોણા કરી દઈશું તેવી ધમકી એક વકીલ દ્વારા અપાય છે તેમજ સ્થાનિક પંચાયત દ્વારા પણ કનડગત કરવામાં આવે છે. ત્યારે આ રીતે ખોટી કનડગત દૂર કરવા અને આવી કનડગત કરનાર સામે કાર્યવાહી કરવા તેમજ ગ્રામ પંચાયત દ્વારા મકાન ખાલી કરાવવામાં ન આવે તેવો મનાઈ હુકમ જારી કરવા માંગ છે. આ અંગે એડવોકેટ કૌશલ પદમાણીએ જણાવ્યું હતું કે, જરૂરિયાતમંદને ૧૦૦ ચોરસવારના પ્લોટ અપાયા હતા જે તેમણે ગેરકાયદેસર રીતે બીજા લોકોને વેચી દીધા હતા આ મામલે વડાલ ગ્રામ પંચાયત દ્વારા અખબારમાં જાહેરાત આપી ૧૦ દિવસમાં પ્લોટનો કબ્જો સાબીત કરવા સમય આપ્યો હતો પણ આધાર પુરાવા રજૂ ન કરતા ખાલી કરવાનો આદેશ આપ્યો છે.

# વંથલીના ગાદોઈ ટોલનાકા ઉપર પોલીસ અધિકારી અને કર્મીઓ વચ્ચે બબાલ થઈ

## ટોલનાકાના સંચાલક અને ટીસી ઉપર ૨૦થી ૨૨ ઈસમોનો લોખંડના પાઈપથી હુમલો : હત્યાની કોશિષ, રાયોટીંગ, લૂંટનો ગુનો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧



ગઈકાલે બપોરે ૪ વાગ્યાના અરસામાં વંથલી નજીક આવેલ ગાદોઈ ટોલનાકાએ કોડીનારના પીઆઈ આર.એ. ભોજાણી સહિતના શખ્સોએ માથાકુટ કરી હોવાનું સામે આવ્યું છે. ત્યાર પછી આ અંગે ફરિયાદ કરવા ગયેલા ટોલનાકાના ટીસી અને સંચાલક ઉપર ચાર જેટલી ગાડીઓમાં આવેલા ૨૨ જેટલા શખ્સોએ હુમલો કરીને લૂંટ કર્યાનું સામે આવતા પોલીસે પીઆઈ સહિત ૨૨ જેટલા શખ્સો સામે રાયોટીંગ, હત્યાની કોશિષ, લૂંટનો ગુનો દાખલ કરીને પકડવા માટે ટીમો દોડાવી છે. આ અંગે મળતી વિગત અનુસાર, વંથલી નજીકનું ગાદોઈ ટોલનાકુ ફરી ચર્ચાનો વિષય બન્યું છે. અહીંયા પોલીસ અધિકારી અને ટોલ કર્મીઓ વચ્ચે માથાકૂટ થઈ હતી. જેમાં બે ટોલ કર્મીને ઈજા પહોંચતા જૂનાગઢ સારવાર માટે લઈ જવામાં આવ્યા છે. ગાદોઈ ટોલનાકા સંચાલક તરીકે ફરજ બજાવતા રાજેશ છૈયાએ કહ્યું હતું કે, એક કાળા કલરની કાર આવી અને કાર્ડ બતાવવા મુદ્દે ટીસી સાથે રકઝક થઈ હતી અને કોડીનાર પીઆઈ ભોજાણીએ બે વ્યકિતને રિવોલ્વર બતાવી બુથમાંથી બહાર કાઢી કારમાં બેસાડવાનો પ્રયત્ન કર્યો હતો અને ટોળુ ભેગુ થઈ જતા રકઝક થઈ હતી. બાદમાં અમે પોલીસને જાણ કરતા પીએસઆઈ રાણા ટોલનાકા ઉપર આવ્યા હતા અને મને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે, તમે આવો આપણે શું હતું તેમના સીસીટિવી ચેક કરી લઈએ. જેથી અમે બંને ટોલનાકે જતા હતા અને રસ્તામાં ત્રણ- ચાર કારમાં આવેલા ૨૦થી ૨૨ જેટલા શખ્સોએ અમનો આંતરીને લોખંડના પાઈપ વડે હુમલો કરીને મોબાઈલ લૂંટીને માર માર્યો હતો. જેથી અમોને હાલ જૂનાગઢ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. આ હૂમલામાં રાજેશ છૈયા અને ટોલ કર્મી ભાવેશ ટાટમિયાને ઈજા પહોંચી હતી. આ બનાવને લઈ વંથલી પોલીસે આગળની ધોરણસરની વધુ તપાસ હાથ ધરી છે.

એસપી હર્ષદ મહેતાએ કહ્યુંહતુ કે, હાલ ફરિયાદીની ફરિયાદ ઉપરથી પીઆઈ ભોજાણી સહિતના ૨૦થી ૨૨ જેટલા શખ્સો સામે વંથલી પોલીસમાં રાયોટીંગ, હત્યાની કોશિષ, લૂંટનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આરોપી પીઆઈ હોવાથી કેસની ગંભીરતાને ધ્યાને લઈને ડીવાયએસપી, જૂનાગઢ એસઓજી, એલસીબી, વંથલી પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે.


# આંબાનો બગીચો રાખી ખેડૂત સાથે ૬.૧૫ લાખની છેતરપિંડી : જૂનાગઢના ૩ શખ્સ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢના ત્રણ શખ્સે માળિયા પંથકના ખેડૂતનો આંબાનો બગીચો રાખી રૂપિયા ૬.૧૫ લાખનો ધુંબો મારી છેતરપિંડી આચરી હોવાની રાવ થતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. માળીયા હાટીના માં રહેતા ભરતભાઈ વકમાતભાઈ ભલગરીયાનો આંબેચા ગામે આવેલ આંબાનો બગીચો જૂનાગઢમાં સાબલપુર ચોકડી પાસે રહેતા ભાવેશ લવજી વાઘેલા, જૂનાગઢમાં ઝાંઝરડા રોડ ઉપર આવેલ સાઈબાબાના મંદિર પાસે રહેતા અશોક ગગજી ગોહિલ અને સાબલપુર લવજી વાઘેલાએ રૂપિયા ૧૧,૬૧,૦૦૦માં ઈજારે રાખ્યો હતો. સુથી પેટે રૂપિયા ૫ લાખ આપી બાકીની રકમ રૂપિયા ૬.૬૧ લાખ ૩ જૂનના રોજ આપવાનું નક્કી કર્યુ હતું. આ શખ્સોએ ભરતભાઈને વિશ્વાસમાં લઈ આંબાના બગીચા માંથી ૯૦ ટકા એટલે કે રૂપિયા ૧૦,૪૪,૯૦૦ની કેરી ઉતારી ભરી ગયા હતા અને બાકીની રકમ રૂપિયા ૬.૬૧ લાખ તા.૩ જૂનના રોજ આપવાને બદલે બગીચામાં અમોને નુકસાન થાય એમ છે અને હમણાં અમારે પૈસામાં પહોંચી શકાય તેમ નથી તેમ કહી અને મજૂરોને ચૂકવવાના રૂપિયા ૭૦,૦૦૦ પણ નહીં આપીને કુલ રૂપિયા ૬.૧૫ લાખ પરત નહીં આપી છેતરપિંડી આચરી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ ભરત ભલગરીયાએ કરતા માળિયાના પીએસઆઈ પી. કે. ગઢવીએ તપાસ હાથ ધરી છે.

# ભારે પવન અને વરસાદ હોવાથી દ્વારકાના જગતમંદિરે બાવન ગજની ધ્વજા વૈકલ્પિક જગ્યાએ ચડાવાઈ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧

યાત્રાધામ દ્વારકામાં ભારે પવન અને વરસાદ હોવાથી સુરક્ષાના કારણોસર જગત મંદિરે ભગવાન શ્રી દ્વારકાધીશની બાવનગજની પ્રથમ ધ્વજા વૈકલ્પિક જગ્યાએ ચઢાવવામાં આવી હતી. ૧૫૦ ફૂટ ઊંચા મંદિરના શિખર ઉપર લગભગ ૨૫ ફૂટ લાંબો ધ્વજદંડ આવેલો છે આ ધ્વજદંડ ઉપર ધ્વજારોહણ કરવામાં આવે છે. ભારે પવન અને વરસાદના કારણે ધ્વજાજી ચડાવતા અબોટી બ્રાહ્મણો મંદિરના શિખર ઉપર ચડી શકયા ન હતા. જયારે દ્વારકામાં ભારે પવન તેમજ વરસાદી માહોલ હોય ત્યારે દ્વારકાધીશજીની ધ્વજાજી વૈકલ્પિક જગ્યાએ ચડાવવામાં આવતી હોય છે.

# જૂનાગઢમાં દિકરા-વહુ પાસેથી મકાન ખાલી કરી પિતાને આપવા કોર્ટનો હુકમ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

મહેનત- મજૂરી કરી બાળકોને અભ્યાસ કરાવે, લગ્ન કરાવે તેજ બાળકો મોટા થઈ માતા પિતાને ઘરમાંથી કાઢી મૂકે તેવા અનેક કિસ્સા સામે આવે છે. ત્યારે મકાન રાખવું છે પણ માતા, પિતાને રાખવા ન ઈચ્છતા હોય તેવા સંતાનો માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આમાં માતા, પિતાને ઘરમાંથી કાઢી મૂકતા પુત્ર - પુત્રવધુને ઘર ખાલી કરી પિતાને આપવા કોર્ટે હુકમ કર્યો છે. આ અંગે અમૃતલાલ પરમારે જણાવ્યું હતું કે, શહેરમાં પોસ્ટલ સોસાયટીમાં નિલકંઠ નામના મકાનમાં તે તેમના પત્ની મધુબેન સાથે રહેતા હતા. દરમ્યાન આ મકાનમાં પુત્ર ધવલ અને તેમના પત્ની હેતલબેન રહેવા આવ્યા હતા. બાદમાં પુત્ર અને પુત્રવધુએ ઘરનો કબજો કરવા માટે અમોને મારકૂટ કરી ઘરમાંથી કાઢી મૂક્યા હતા જેને પરિણામે અમારે મકાન ભાડે રાખીને અલગ રહેવું પડતું હતું. આ મામલે પોલીસ ફરિયાદ કરેલી છતાં પુત્ર અને પુત્રવધુએ મકાન ખાલી કરેલું ન હતું. બાદમાં વરિષ્ઠ નાગરિકોના ભરણ પોષણ અને કલ્યાણ અધિનિયમ મુજબ પુત્ર અને પુત્રવધુ સામે કાનુની કાર્યવાહી કરવા એડવોકેટ જે.વી.પતાણી, પી.એમ. સરવૈયા, યુ.જે. રાવલને રોકી કેસ કર્યો હતો. આ કેસ ચાલી જતા જૂનાગઢ સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ચરણસિંહ ગોહેલે અરજદારને સાંભળ્યા હતા તેમજ પુત્ર અને પુત્રવધુને પણ રજૂઆત કરવાની તક આપી હતી. બાદમાં પુત્ર અને પુત્રવધુને મકાન ખાલી કરી આપવા હુકમ કર્યો હતો. સાથે જો મકાન ખાલી ન કરે તો જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને પોલીસ પ્રોટેકશન મેળવી મકાન ખાલી કરાવવા અધિકૃત કર્યા છે.

# માણાવદરમાં બારેય મેઘ ખાંગા : ઠેર ઠેર જળબંબાકાર



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧

માણાવદર પંથકમાં છેલ્લા ત્રણ દિથી માત્ર ઝાપટા પડતા પરંતુ કોણે જાણે કોઈ બાંધેલો વરસાદ છુટો પડયો હોય તેમ ગતરાત્રીના ૮-૩૦ વાગ્યાથી શરૂ થયેલો વરસાદ ધીમે ધીમે રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતું અને ૮ કલાકમાં ૯થી વધુ ઈંચ વરસાદે સમગ્ર શહેરને ઘમરોળી નાખ્યું હતું જયાં ગતરાત્રીના પાણા ઉડતા હતા ત્યાં મોડીરાત્રીના ૩ વાગ્યે ભારે પ્રવાહ સાથે પુર આવી ચુકયું હતુ અને વહેલી સવારે રસાલા ડેમ અતિભારે પ્રવાહ સાથે સતત ત્રણ કલાકથી પણ વધુ બે કાંઠે વહી રહયો છે. ભાલેચડા ગારી બે કાંઠે છે. તો શહેરની ગટરો ચીફ ઓફીસર તથા તેની ટીમની કામગીરી કામે લાગી છે. ગટરોમાં પાણી સડસડાટ વહી રહયા છે. જો આ કામગીરી ન થઈ હોત તો ઘરોમાં પાણી ભરાત તો પણ હજી ઘણી કામગીરી રહી ગઈ છે. સમગ્ર પંથકમાં જાણે બારેય મેઘખાંગા થઈ ચુકયા છે. આજે સવારે આ લખાઈ રહયું છે ત્યારે પણ મેઘરાજા ઘમરોળી રહયા છે. લોકોમાં એક અનેરો ઉતસાહ છે. વહેલી સવારમાં જ રસાલા ડેમને વધાવવા ચાર્મી પેથાણી પત્રકારની પુત્રી પહોંચી ગયા હતા.

# જૂનાગઢમાં મારામારીના કેસનું મનદુઃખ રાખી ૪ શખ્સે મહિલાને માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢમાં મારામારીના કેસનું મનદુઃખ રાખી સોસાયટીના પ્રમુખ સહિત ૪ શખ્સે મહિલાને માર માર્યો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ હતી. આ અંગે પોલીસમાંથી મળતી માહિતી અનુસાર જૂનાગઢ શહેરના જોષીપરા વિસ્તારમાં શિવાની નગર મેઈન રોડ ઉપર આવેલ રાધે એપાર્ટમેન્ટના બ્લોક નંબર-૧૦૩માં રહેતા સુમિતાબેન કેશુભાઈ રાખોલીયા (ઉ.વ.૪૩) નામના મહિલા અને રાધે એપાર્ટમેન્ટમાં જ રહેતા સોસાયટીના પ્રમુખ મગનભાઈ ભીમાણી વગેરેને મારામારીના કેસનું મનદુઃખ ચાલતું હતું. આ દરમ્યાન સુમિતાબેનને કચરો સાફ કરતી વખતે મગનભાઈ સાથે બોલાચાલી થઈ હતી. જેનાથી ઉશ્કેરાઈ જઈને પાડોશી વિજયભાઈ કોળી, પારૂલબેન ભીમાણી અને ભારતીબેને મહિલાને માર માર્યો હતો તેમજ વિજય કોળી અને ભારતીબેને સુમિતાબેનને વાળ પકડી રોડ ઉપર લઈ જઈ જાપટ મારી હોવાની ફરિયાદ મહિલાએ નોંધાવતા બી ડિવિઝન પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી હતી.

# મેંદરડા નજીકનાં ભાલછેલ ગામના આધેડને લાકડી વડે માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

મેંદરડા તાલુકાના ભાલછેલમાં નિશાળ પાસે રહેતા મેરૂભાઈ મીઠુભાઈ લાડક(ઉ.વ.૪૫) તેના જ ગામના હનીફ હાજી મોરી અને સમીર જુમ્મા મોરીને ત્યાં મજૂરી કામે ન જતા બંનેએ ઉશ્કેરાઈ જઈને લાકડી વડે માર મારતાં આજુ બાજુનાં માણસો ભેગા થઈ જતાં બંને જણા નાસી ગયા હોવાની ફરિયાદ આધેડે કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આમ નજીવી બાબતે હુમલો થતા મામલો પોલીસ મથક સુધી પહોંચી ગયો હતો. જયારે કેશોદમાં ગાયના ગોંદરા પાસે રહેતો દિવ્યેશ સાજણભાઈ પરમાર(ઉ.વ.૨૦)ને કેશોદની ગાંધીનગર સોસાયટીમાં રહેતો મિત્ર રાજ શાર્દૂલની બહેન સાથે પહેલા પ્રેમ સંબંધ હતો. જેથી તેણે બેનના ફોટા મોબાઈલમાં હોવાની શંકા રાખી યુવાનને મોબાઈલ ચેક કરવા માટે એલ. કે. હાઈસ્કૂલ પાસે બોલાવી રાજ તેમજ ભરત આહિર અને મુકેશ આહીરે લાકડાના ધોકાથી માર મારી ધમકી હોવાની ફરિયાદ યુવકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ખડીયાના યુવક ઉપર પૈસા મુદ્દે પાઈપ-કુહાડીથી હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

પૈસાની લેતી દેતીના મુદ્દે ખડિયાના યુવક ઉપર ૩ શખ્સે પાઈપ, કુહાડીથી હુમલો કરી ફ્રેકચર કર્યાની રાવ થતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જૂનાગઢ તાલુકાના ખડીયા ગામે રહેતો હરસુખ ભીખાભાઈ ગરેણીયા(ઉ.વ.૨૭) પાસે પાદરીયા ગામનો ખીમા જીકા વાંદા અગાઉ રૂપિયા ૪૫,૦૦૦ માંગતો હોય જેનું મનદુઃખ રાખી હરસુખ તેના ગામની હોટલ ઉપર ચા પીતો હતો ત્યારે તેના ઉપર ખીમા જીકા તથા તેનો ભાઈ પુના જિકા ઓલા ડુંગરપુર ગામનો રઘો સામંત નામનાં શખ્સે લોખંડના પાઈપ વડે આડેધડ માર મારી અને કુહાડી વડે હુમલો કરીને હરસુખને જમણા પગમાં ગંભીર ઈજા પહોંચાડી ડાબા પગમાં ફ્રેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ બાદ ત્રણેય શખ્સો નાસી ગયા હતા. હુમલામાં ઈજા પામેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો તાલુકા પોલીસે ફરિયાદ લઈને ત્રિપુટી વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# જૂનાગઢ જિલ્લાની ફેમિલી કોર્ટમાં કાઉન્સેલરની નિમણૂક કરાશે

જૂનાગઢ તા.૧

નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્દેશ મુજબ ફેમિલી કોર્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ, ૨૦૨૩ અન્વયે જૂનાગઢ જિલ્લાની વિવિધ ફેમિલી કોર્ટ ખાતે કાઉન્સેલરની યાદી તૈયાર કરવાની હોઈ, જે માટેની કાઉન્સેલરની નિમણુંક અંગેની વિસ્તૃત જાહેરાત તથા અરજી ફોર્મ ડિસ્ટ્રીક્ટ કોર્ટ-જૂનાગઢની વેબસાઈટ https://junagadh.dcourts.gov.in તથા ફેમિલી કોર્ટ-જૂનાગઢની નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, જ્યાથી કાઉન્સેલર તરીકેની કામગીરી કરવામાં રસ ધરાવતા ઈચ્છુક ઉમેદવારો માહિતી મેળવી શકે છે.

અરજી રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટથી ૦૮ જુલાઈ-૨૪ સાંજના ૦૬.૧૦ વાગ્યા સુધી સ્વિકારવામાં આવશે. ત્યાર બાદ આવેલ અરજીઓ ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ, તેમ ફેમિલી કોર્ટ જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## જૂનાગઢમાં જાહેરાતનાં બેનરની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧

જૂનાગઢનાં ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં શ્રીજી મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલની જાહેરાતનું બેનર કિંમત રૂા. ૧૫ હજારનું કોઈ ચોરી કરી ગયાની ફરીયાદ રાજેશભાઈ હળવદીયાએ એ ડીવીઝનમાં નોંધાવેલ છે.

# ઉનાના લામધાર ગામે અગાઉના મનદુઃખે લાકડા વડે હુમલો કરી હત્યા નિપજાવી

ઉના તા.૧

ઉના તાલુકાના ના લામધાર ગામે વશરામ ભાઈ લાખાભાઈ શિગડ ઊં.વ.૬૫ ગામ ના ઝાપા પાસે ભગવાન ભાઈ દુદા ભાઈ વંશ ની દુકાન ના ઓટા ઉપર બેઠા હતા ત્યારે તેમનો જ સગો નાનો ભાઈ રાજુ લાખ ભાઈ શીગડ ઊં.વ. ૪૦એ આવી ઝનૂન પૂર્વક તેની પાસે રહેલ લાકડા વડે હુમલો કરતા માથા અને જમણા કાન પાછળ ના ભાગે મારી દેતા મોત થયું હતું. આ અંગે નવાબંદર રહેતા મરણ જનાર ના દીકરા અશોક ભાઈ વશરામ ભાઈ શિંગડ એ તેમના કાકા સામે પિતા ની હત્યા કરિયા ની પોલીસ મા ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્ર સિંહ એન રાણા અને સ્ટાફે ઘટના સ્થળે પહોંચી અને આરોપી ને પકડી પાડયો હતો. જાણવા મળતી વિગત મુજબ આરોપી ના દીકરા લાલજી ના થોડા દિવસ પહેલા લગ્ન હતા જેમાં મરણ જનાર વશરામ ભાઈ અને આરોપી રાજુ ભાઈ વચ્ચે બોલા ચાલી થઈ હતી અને વશરામ ભાઈ એ રાજુ ને ઝાપટ મારી હતી તેથી બદલો લેવા હુમલો કરેલ હતો મરણ જનાર અને આરોપી દારૂ પીવાની ટેવ વાળા હતા. અને આરોપી રાજુ મગજ નો તિતાલી હતો. અવાર નવાર તેના પરિવાર ને હેરાન પરેશાન કરતો હતો. ભૂત કાળ માં પોતાની પત્ની લક્ષ્મી ઉપર માથાના ભાગે હુમલો કરેલ હતો અને તેમના દીકરા લાલજી ઉપર પણ ધારિયા થી હુમલો કરી હાથ પગ માં ઈજાઓ કરી હતી. તેથી આરોપી ની પત્ની અને દીકરો જુદા રહેવા ગયા હતા. હાલ પોલીસે આરોપી ને પકડી હત્યા મા વપરાયેલ લાકડા ના હાથો કબ્જે કરી તપાસ શરૂ કરી છે.

# આવતીકાલે યોગીની એકાદશીનું મહત્વ અને પૂજન

જેઠ વદ અગીયારશ ને મંગળવાર તા. ૨-૭-૨૪ના દિવસે યોગીની એકાદશી છે. જીવનમાં જ્ઞાન,વિદ્યા અને યોગનું મહત્વ સૌથી વધારે અને ખાસ છે. જેનાથી સંયમ રાખી સકાય છે.

પૂજન : ભગવાનને સાકર ધરાવવા નું મહત્વ

યોગીની અકાદશીનું પૂજન : મંગળવારે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મકરી ત્યારબાદ સ્નાન કરી પીળા અથવા સફેદ અથવા તો લાલ વસ્ત્ર ધારણ કરવા શુભ રહેશે..ત્યાર બાદ એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી અને તેનાં ઉપર વિષ્ણુ ભગવાન ની છબી પધરાવી બાજુ મા ઘી નો દિવો કરી ત્યાર બાદ ભગવાન ને ચાંદલો, ચોખા કરી ફુલ છબી ઉપર પધરાવવું,અબીલ ગુલાલ પધરાવી ભગવાન ને ધુપબત્તી અર્પણ કરવી. નૈવેદ્યમાં સાકર ખાસ ધરવી, આરતી કરી અને ભગવાન ની ક્ષમાયાચના માંગવી, ત્યાર બાદ યોગીની એકાદશીની કથા વાંચવી અને પછી શિવજીનાં મંદિરે જઈ અને મહાદેવજી ને પાણી નો એક લોટો ચડાવવો, સાંજે ભગવાનનું કિર્તન કરવું, રાત્રીનાં ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું, બપોરે સુવું નહી. આ દિવસે ઉપવાસ રહેવો શ્રેષ્ઠ ગણાશે.

ફળ કથન : યોગીની એકાદશીનું વ્રત કરવાથી કુંડળીમાં જો શની રાહુનો શ્રાપિત દોષ હોય તો તેમાં રાહત થાય છે. શરીર માં ચામડીની બિમારી હોય તો દૂર થાય છે. જીવનનાં બંધનો દૂર થાય છે.

યોગીની એકાદશીનો બોધ: જીવનમાં હંમેશા સંયમ રાખવો મોહ માયાથી દૂર રહેવુંઅનેપોતાનાં કામકાજમાં નિષ્ઠાપૂર્વક કામ કરવું, બહેનોએ પણ પોતાનાં ઘર કામ કરતી વખતે પુરી નિષ્ઠા રાખવી. -

શાસ્ત્રી રાજદીપ જોશી.(વેદાંત રત્ન)

# ૧ લી જુલાઈ ડોકટર્સ ડે : સોમનાથના ઉજજવળ ઈતીહાસમાં ડોકટરોએ પણ નામના અને લોકહૃદયમાં સ્થાન મેળવેલ છે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧

સમગ્ર ભારત ૧ જુલાઈએ ડોકટર્સ ડે ઉજવે છે ત્યારે સોમનાથ પ્રભાસપાટણ પણ વિતેલા એ યુગનાં ડોકટરોની તેની સેવાઓ યાદ કરી 'થેન્કયુ ડોકટર' કહે છે. આઝાદી બાદ સોમનાથ પ્રભાસમાં જયારે આખા ગામમાં કોલેરા ફાટી નીકળ્યો હતો ત્યારે તે જમાનાના ડોકટર વૈષ્ણવ એક લડવૈયાની જેમ લડી ગામને રોગમુકત કરવા દિવસ-રાત એટલું ઝઝમ્યા હતા કે કોલેરાની વિદાય પછી તેની સેવાઓથી સમગ્ર પ્રજા ગદગદીત થઈ હતી. તેવી જ રીતે પ્રભાસનાં ડો. આર.ડી. સાવલીયાએ પણ તેમના વતન અમરેલીનાં ગામડાઓમાં સ્વાઈન ફલુ અને ડેંગ્યું ફેલાયેલ ત્યાં જઈ ૧૫ દિવસ સેવા કરેલ હતી. વેરાવળનાં ડો. આર.જી. તન્નાએ ગોળીઓનું પેકેટ બનાવી મેડીકલ સ્ટોરમાં માત્ર રૂા. ૧૦ કે ૨૦માં મુકયું હતું જે આજ દિવસ સુધી ચાલુ છે. તેમજ પ્રભાસ પાટણમાં કોરોના વખતે ડો. કણસાગરા અને ડીમ્પલ જેઠવાએ સારી સેવા કરી હતી. પ્રભાસનાં ડો. એન.કે. તન્નાનું નિદાન પણ એટલું સચોટ હતું. ડો. તન્ના નગરપાલિકામાં બીનહરીફ ચુંટાયા હતાં. પ્રભાસપાટણ નગરપાલીકાએ તેમની યાદમાં એક રોડનું નામ ડો. તન્ના આપ્યું છે. પ્રભાસમાં હકીમ વૈદ્યરાજ દેશી પધ્ધતિથી સારવાર કરતા હતાં તેને પણ ડોકટર જ ગણવામાં આવતા હતાં. ડોકટરે ઘરની વીઝીટ જવાની સીસ્ટમ તે વખતે હતી અને ઘોડાગાડીમાં જતા આવતા હતાં.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **દ્રશિષકુમાર ધનજીભાઈ રાદડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **દ્રશિષ ધનજીભાઈ રાદડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**દ્રશિષ ધનજીભાઈ રાદડીયા**
બીએલ-૬૦, ઉપનીષદ, રાણછોડનગર-૨
શ્રીનાથનગર પાછળ, જૂનાગઢ- ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **સગુણા દ્રશિષકુમાર રાદડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **સગુણા દ્રશિષ રાદડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**સગુણા દ્રશિષ રાદડીયા**
બીએલ-૬૦, ઉપનીષદ, રાણછોડનગર-૨
શ્રીનાથનગર પાછળ, જૂનાગઢ- ૩૬૨૦૦૧

# વિસાવદરના માંડાવડ ગામે આધુનિક સુવિધા વાળા કોર્ટ બિલ્ડીંગનું કામ ચાલુ કરવા રજૂઆત કરતા હર્ષદ રિબડીયા

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧

વિસાવદર-ભેંસાણ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અને ખેડૂતનેતા તથા હમેશા લોકપ્રશ્ને જાગૃત એવા હર્ષદભાઈ રિબડીયા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી, કાયદા મંત્રી, સચિવ,આર.એન્ડ બી ( સ્ટેટ) કાર્યપાલક ઈજનેર આર એંડ બી ડિપાર્ટમેંટ (સ્ટેટ) વગેરેને લેખિત રજુઆત કરી જણાવેલ છે કે, વિસાવદર શહેર તથા તાલુકા અને ભેંસાણ તથા મેંદરડા તાલુકાની એમ ત્રણ તાલુકાની કોર્ટ વિસાવદરમાં ચાલુ થયેલ છે. આ ઉપરાંત વિસાવદર તથા ભેંસાણ તાલુકાની ડિસ્ટ્રિક્ટ કોર્ટ પણ વિસાવદર મુકામે આવેલ હોય અને આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા બજેટમાં જોગવાઈ કરી, આ અંગેની વહીવટી મંજૂરી પણ કાયદાવિભાગ દ્વારા આપી દેવામાં આવેલ છે ત્યારે ત્રણ તાલુકાની જનતાના હિતમાં સ્થાનિક લોકો અને સંસ્થાઓ દ્વારા અમોને માહિતી અને રજૂઆતો મળી છે કે, વિસાવદરમાં આશરે ૧૦૦ વર્ષ ઉપરાંતથી કોર્ટ આવેલ છે, આ કોર્ટ બિલ્ડીંગ માટે પાર્કિંગની વ્યવસ્થા નથી અને બજેટમાં નવી કોર્ટ બિલ્ડીંગ બનાવવા માટેની ખર્ચની રકમની પણ જોગવાઈ પણ કરવામાં આવેલ હોય આ માટેના પ્લાન એસ્ટીમેન્ટ પણ તૈયાર કરી આલેખન વિભાગમાં મોકલવામાં આવેલ છે અને ૧૦ હજાર ચોરસ મીટર જગ્યા પણ ફાળવી આપવામાં આવેલ હોય અને તેનો કબજો પણ સોંપી આપવામાં આવેલ હોય અને પ્લાન નકશા તથા ડિઝાઇન તૈયાર કરી આલેખન વિભાગમાં મોકલવામાં આવેલ હોવાનું પણ અમારા ધ્યાનમાં આવેલ હોય લોકસભાની ચૂંટણીઓના કારણે આચારસંહિતા હોવાથી પ્લાન નકશા આજ દિન સુધી મંજુર કરવામાં આવેલ નથી તેમજ નવું બિલ્ડીંગ બનાવવા માટે આશરે ૧૦,૦૦૦ મીટરની જગ્યા માંડાવડ ગામે નવી બનેલ કલેકટર કચેરીના પશ્ચિમ બાજુએ સરકારી ખરાબાની જગ્યા છે ત્યાં ફાળવવામાં આવેલ હોય તે જગ્યાએ નવું કોર્ટ બિલ્ડીંગ બનવાથી પ્રજાને તથા પક્ષકારોને અનુકૂળતા રહે તેમ છે.તેથી આ જગ્યાએ તાત્કાલિક અસરથી પગલાં લઈ ટેન્ડર પ્રક્રિયા કરી નામદાર હાઈકોર્ટની સૂચના મુજબ કામ ચાલુ કરવા કરાવવા અમારી માંગ સાથે રજુઆત છે



અમારી રજુઆતની ગંભીરતા ધ્યાને લઈ આ રજુઆત લાગુ પડતા વિભાગમાં રજુ કરી કરાવી આ પ્રશ્નનું તાત્કાલિક નિવારણ લાવવા અમારી માગણી સાથે રજુઆત છે અને આ બાબતે કાર્યવાહી કરી, કરાવી કરેલ કાર્યવાહીનો લેખિત જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે અમારા સરનામે મોકલી આપવા અરજ કરેલ હોવાનુ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# વન્યપ્રાણી દ્વારા માનવ ઈજા, મૃત્યુના બનાવો અટકાવવાની તકેદારી રાખવા જરૂરી સુચનો

જૂનાગઢ, તા.૧

વન્યપ્રાણી દ્વારા વધતા જતા માનવ ઈજાના બનાવો ધ્યાને લઈ ગીર પશ્ચિમ વિભાગ જૂનાગઢ દ્વારા ઈજા અટકાવવા માટે માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી છે. માલઢોરને દેખરેખ હેઠળ જ ચરાવવા અને અસુરક્ષીત છોડવા નહી, મોડી સાંજે-અંધારામાં માલ ઢોરને નિરળ/પુળો કરવા કરતા દિવસ દરમિયાન અવી કામગીરીઓ પુરી પાડવી. રહેણાંકની આસપાસ ઉગી નીકળેલ બિલ જરૂરી ઝાડીઝાંખરા તથા અન્ય કુદરતી વનસ્પતિઓ દુર કરી વિસ્તારને ચોખ્ખો રાખવો તથા મરઘા, કુતરા જેવા પાલતુ પ્રાણીઓ ઘરથી દુર રાખવા. માંસાહારના કિસ્સામાં બાદમાં વધેલા ખોરાક-હાડકા વગેરે ઘરની બહાર ન નાખવા, તેવા માંસાહારી ખોરાકથી વન્ય પ્રાણીઓ આકર્ષાય હુમલો કરી શકે છે. ઘરની આસપાસની જગ્યાઓ રાત્રી દરમિયાન લાઈટથી પ્રકાશીત રાખવી. તથા રાત્રી દરમ્યાન ઘરની ઓસરી કે ફળીયામાં સુવાનું ટાળી સુરક્ષીત જગ્યાએ સુવાનું રાખવું તથા વાડી વિસ્તારમા રહેતી મહિલાઓએ સેઢાપાળે- ખુલ્લામાં રાત્રીના સમયે સમી સાંજે ન્હાવા-કપડા ધોવા માથુ ધોવા બેસવુ નહી. રાત્રે કુદરતી હાજત માટે શૌચેલયનો જ ઉપયોગ કરવો, રાત્રે વહેલી સવારે ખુલ્લામાં ક્યારેય પણ ખુણેખાચરે શૌચ ક્રિયા કરવા બેઠવું નહી, આવા કિસ્સામાં વન્યપ્રાણીના હુમલાઓની શક્યતાઓ વધી જાય છે. વાડી વિસ્તારમાં બાળકોને એકલા ન મુકવા. સાંજના સમયે શાળાએથી ઘરે આવતા બાળકોને નિર્જન રસ્તા પર ક્યારેય એકલા મુકવા નહીં. રાત્રીના સમયે જંગલ વિસ્તારની આસપાસની વાડીમાં એકલા જવુ નહી. બે થી ત્રણ વ્યક્તિએ સાથે સમુહમાં જ જવાનો આગ્રહ રાખવો. તથા ટોર્ચ અને લાકડી સાથે રાખવી. જો નાછુટકે એકલા જવુ પડે તો જતી વખતે અવાજ કરવો વાતો કરવી, ઘોંઘાટ કરવો તેમજ બતી ચાલુ રાખી ને ચાલવુ. રાત્રીના સમયે ખેતરમાં ખુલ્લામાં સુવુ નહી તથા માંચાણ પર સુતી વખતે આજુબાજુમાં તાંપણુ ચાલુ રાખવું.

જો તમારી આસપાસ અચાનક કોઈ વન્યપ્રાણી આવી જાય તો ગભરાઈને દોડધામ કરવી નહીં, અને પરિવારજનો અને મિત્રોને સુરક્ષીત જગ્યાએ રાખ્યા બાદ સત્વરે વન વિભાગને જાણ કરવી. રહેણાંક વિસ્તારની નજીક મરેલા માલ-ઢોર નાખવા નહી. આપના ગામમાં આવી કોઈ જગ્યા હોઈ તો લાગુ પંચાયત દ્વારા ચોખ્ખાઈ કરાવવી. તેમજ વન્યપ્રાણીઓને લગતા કોઈ પણ પ્રશ્નો હોઈ તો ગામના સરપંચ દ્વારા વનરક્ષક-ફોરેસ્ટરને જાણ કરવી. તેમ નાયબ વન રક્ષક ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સાંકરોળા પ્રાથમિક શાળામાં શાળા ભેંસાણ ખાતે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો





જૂનાગઢ, તા. ૧

જુનાગઢ જિલ્લાની ભેંસાણ તાલુકાની શ્રી સાંકરોળા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બાળકોને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય કક્ષાએથી અતિથિ વિશેષ તરીકે હેલ્થ એન્ડ ફેમિલી ડિપાર્ટમેન્ટ સચિવાલય, ગાંધીનગર માંથી ઉપસચિવે વિષ્ણુભાઈ પટેલ અને સહ અધિકારી તરીકે ભરતભાઈ પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકા કક્ષાએથી સદસ્ય જિલ્લા પંચાયત કુમારભાઈ બસિયા, કારોબારી ચેરમેન તાલુકા પંચાયત દિપકભાઈ સતાસિયા, સદસ્ય તાલુકા પંચાયત ઘનશ્યામભાઈ પટોળીયા, બી.આર.સી કો. દિલીપભાઈ મકવાણા સી.આર.સી કો. કમલેશભાઈ દાફડા અને બી.આર.પી કેતનભાઈ રૂપાપરાનો સહકાર પ્રાપ્ત થયો હતો. ખૂબ જ મોટી સંખ્યામાં ગ્રામજનો એસ એમ સી સભ્યો, વાલીગણ, ગ્રામ પંચાયતના સભ્યો, સરપંચ શ્રી, ઉપસરપંચ વગેરે હાજર રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીના ભૂલકાઓ, બાલવાટિકાના અને ધોરણ-૧ માં પ્રવેશ પામતા બાળકોનો શૈક્ષણિક કીટ આપી વિદ્યા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. શાળાને અવારનવાર દાન આપતા દાતાઓનું સન્માન તેમજ વાલીનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ બાદ અતિથિ વિશેષ અને અધિકારી દ્વારા શાળાના વર્ગખંડની મુલાકાત કરવામાં આવી હતી તેમજ પુસ્તક પ્રદર્શન નિહાળ્યું હતું. અને શાળાની જીણામાં ઝીણી બાબતનું નિરીક્ષણ કર્યુ હતું. ત્યારબાદ તમામ શિક્ષકોને સુંદર કાર્ય કરવા માટે શુભેચ્છા પાઠવી હતી અને વધુ સારી રીતે કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શાળા પરિવારના તમામ શિક્ષકો, આચાર્ય, મધ્યાન ભોજન સંચાલક, એસ એમ સી અધ્યક્ષ અને સરપંચ ના સહકાર દ્વારા કાર્યક્રમ યાદગાર અવસરમાં પરિવર્તિત થયો હતો.

# ભેંસાણની ચણાકા પ્લોટ પે.સેન્ટર શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૪ યોજાયો

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ જિલ્લાની ભેસાણ તાલુકાની શ્રી ચણાકા પ્લોટ પે સેન્ટર પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ભેસાણ તાલુકાના મામલતદાર પારગી, ભેસાણ- વિસાવદરના પૂર્વ ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણી, તાલુકા પંચાયતના પ્રમુખ ગાંડુભાઈ કથીરિયા, જિલ્લા પંચાયતના આઈસીડીએસ ચેરમેન લાભુબેન ગુજરાતી, તાલુકા પંચાયતના સદસ્ય રમેશભાઈ વેકરીયા, તાલુકા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ બાંભરોલીયા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ જયદીપ શિલુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકા કક્ષાએથી બી.આર.સી કો. દિલીપભાઈ મકવાણા



સી.આર.સી કો. ડો.કિશોરભાઈ શેલડીયા અને બી.આર.પી સુધીરભાઈ બાલધાનો સહકાર પ્રાપ્ત થયો હતો. ખૂબ જ મોટી સંખ્યામાં ગ્રામજનો, SMC સભ્યો, વાલીગણ, ગ્રામ પંચાયતના સભ્યો વગેરે હાજર રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીના ભૂલકાઓ, બાલવાટિકાના અને ધોરણ-૧ માં પ્રવેશ પામતા બાળકોનો શૈક્ષણિક કીટ આપી વિદ્યા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ વર્ષ વિવિધ શિષ્યવૃત્તિની પરીક્ષાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન તેમજ અન્ય સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ દેખાવ કરનાર તેજસ્વી પ્રતિભાશાળીઓનું સન્માન પણ આ તકે કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં શિક્ષકોના માર્ગદર્શન અને મહેનતથી આ શાળાના વિદ્યાર્થીઓને ૨૫ લાખથી વધારે શિષ્યવૃત્તિઓ પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત શાળાને અવારનવાર દાન આપતા દાતાઓનું સન્માન તેમજ વાલીનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ બાદ મુખ્ય અતિથિ દ્વારા વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરવામાં આવ્યો અને ત્યારબાદ એસએમસીના સભ્યો સાથે બેઠક કરવામાં આવી. જેમાં શાળા વિકાસની સમીક્ષા કરવામાં આવી અને શાળાના વર્ગખંડની મુલાકાત કરવામાં આવી હતી તેમજ પુસ્તક પ્રદર્શન નિહાળ્યું હતું. અને શાળાની જીણામાં ઝીણી બાબતનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તમામ શિક્ષકોને સુંદર કાર્ય કરવા માટે શુભેચ્છા પાઠવી હતી અને વધુ સારી રીતે કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ચણાકા પ્લોટ પે.સેન્ટર શાળા પરિવાર અને હરીપરા પ્લોટ શાળા પરિવારના તમામ શિક્ષકો, આચાર્યની અથાક મહેનત દ્વારા કાર્યક્રમ યાદગાર અવસરમાં પરિવર્તિત થયો હતો.

# વિસાવદરનાં સુખપુર ગામની ગૌશાળા ગૌ પ્રેમીઓ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોને ચિંધે છે નવો રાહ

## પ્રાકૃતિક કૃષિ આપણા માટે તો ઉત્તમ છે જ સાથે સાથે દરેક સજીવ માટે પણ આશીર્વાદરૂપ છે - ૭૦ ગાયોના નીભાવ સાથે જાતે જીવામૃત તૈયાર કરી નહિવત ખર્ચથી ખૂબ સારૂ ઉત્પાદન મેળવ્યું : ખેડૂત મહેશભાઈ સોજીત્રા









જૂનાગઢ, તા.૧

વિસાવદર તાલુકો આમ તો ગિર અને ગિરનારનાં વન પ્રદેશ વચ્ચેનો વિસ્તાર અહીંનાં ખેડુતો ખમીરી અને ખાનદાનીમાં અવ્વલ, પ્રમાણીકતા સાથે વસુદૈવકૃટુંબક્કમની ભાવના સાથે માત્ર માનવિય સંવેદનાઓ માનવ સમાજ પુરતી સિમીત ના રાખતા પશુપક્ષીઓ પરત્વે પણ સહાનુભુતિ અને લાગણી સભર વ્યવહાર એ વિસાવદરનાં ખેડુતોની ઓળખ હોય તે વાતની પ્રતિતી વિસાવદરથી માત્ર આઠેક કીલોમિટર દુર વસેલુ નાનકડુ સુખપુર ગામ અને ગામનાં પાદરે લીલાછમ્મ ઘેઘુર વૃક્ષાચ્છાદિત્ત ગૌશાળાની મુલાકાત સમયે જોવા મળ્યા. સુભાષ પાલેકર ખેતિ પધ્ધતિ હવે ખેડુતો સમજતા થયા છે અને આ ખેત પધ્ધતિ અપનાવી પોતાની ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક રાસાયણિક દવાનાં વપરાશને ટાળતા થયા છે. તાજેતરમાં જૂનાગઢ માહિતી ખાતાની ટીમ વિસાવદર તાલુકાનાં પ્રવાસે હતી ત્યારે સુખપરુનાં પાદરે સોજીત્રા ગૌશાળા વૈભવી અને કુદરતી વૃક્ષોની લીલીછમ્મ ઘટાઓ સાથે રાહદારીઓને એકવાર ગૌશાળની મુલાકાત લેવા પ્રેરીત કર્યા. અહીં ૭૦ દેશી નસલની ગાયો કુદરતનાં ખોળે પ્રકૃતિનાં સંગાથે પ્રેરણા સંદેશો પુરો પાડી રહી છે. અહીં હરીભાઈ સોજીત્રા ગાયોની સેવા સુશ્રસા તેમનાં પરિવારનાં સભ્યો સાથે કરી રહ્યા છે. તેમણે કોરોના કાળે લોકહિતાર્થે ગૌશાળાનાં માધ્યમે ભાગવત પારાયણ આયોજન કર્યુ હતુ ત્યારે જે રીતે કથાશ્રવણ કરનાર શ્રોતાને જે રીતે ભાવતા ભોજન પ્રસાદ પિરસાય તે જ રીતે ૭૦ ઉપરાંત ગાયોને તે જ દેશી લાડુ સભર ભોજન પરિવારનાં સભ્ય માની પીરસાતા હતા. સુખપુરમા ૭૦ ગાયો અને નાના વાછરૂને સેવા સુશ્રુસા કરતા મહેશભાઈ કહે છે કે પાલેકર કૃષિ પધ્ધતિમાં એક ગાય ૩૦ વીઘા જમીનમાં જીવામૃત- ઘનામૃત માટે ઉપયોગી છે. પણ હું તો એક વીઘા દીઠ એક ગાયનું સુત્ર માની ખેતીને સિંચન કરી રહ્યો છુ. મારી ૭૦ વીઘા ખેતી વૈજ્ઞાનિક પધ્ધતિથી સુક્ષ્મ પિયત પધ્ધતિએ દરેક પાકને જળસિંચન સાથે જીવામૃતનું સિંચન કરે છે. આમ તો ખેડુતો ગાય આધારીત ખેતીનો પ્રસાર થાય તે માટે રાજય સરકારે ગૌમાતા પોષણ યોજના ચાલુ કરવામાં આવી છે તેમાં ખેડૂતોને દેશી ગાય આધારિત કુદરતી ખેતી માટે ખેડૂતને દર મહિને ૯૦૦ રૂપિયા આપવામાં આવે છે. તેમણે કહ્યું કે ગાય એ માનવીનો જીવનાધાર છે. કેમ કે જો ગાય આંગણે હશે તો એક નહીં અનેક માનવ જીંદગીનું આરોગ્ય સચવાશે. આથી જ હું મારી ગૌશાળામાં ગાયોનું પાલન પોષણ કરૂ છુ. આમા મારી આમદાની તો વધે છે પણ વિસાવદર શહેરમાં સવાર સાંજ ૬૦ લીટર શુધ્ધ ગાયનું દુધ અનેક પરિવારનાં બાળકોને પોષણ પુરુ પાડવા નિમિત્ત બને છે.

મહેશભાઈ પોતાનાં ખેતરમાં ગાયોનાં આહાર અને પીવાના પાણી ની આપુર્તી ખુબ જહેમતથી કરી રહ્યા છે. જેમા ગૌશાળામાં આવેલી ગાયો માટે શુદ્ધ પાણી મળી રહે તેના માટે પાણીના ટાંકાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જેમા નજીકમાં કૂવાનુ નિર્માણ કરવામાં આવ્યું છે અને તેમાંથી પાણી ટાંકામાં ભરી અને ઠંડુ કરવામાં આવે છે. આ પાણીમાંથી કુદરતી મિનરલ્સ તત્વો મળી રહે અને વધારાના ક્ષાર અને અશુદ્ધિઓ દૂર કરી આ ગૌશાળાની ગાયોને શુધ્ધ પાણી પીવા માટે આપવામાં આવે છે. સાથે આહાર માટે ગાયોને નિયમિત પ્રાકૃતિક રીતે મગ, ચણા, તુવેર જેવા કઠોળ સાથે હળદર, મેથી જેવા દેશી ઓસડિયા પાચન શક્તિમાં વધારો કરે તે માટે કઠોળ સાથે બાફીને તેમાં ગોળ મિશ્રીત કરી પુરક આહાર આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ આપણા માટે તો ઉત્તમ છે જ સાથે સાથે દરેક સજીવ માટે પણ આશીર્વાદરૂપ છે. ૭૦ ગાયોના નીભાવ સાથે જાતે જીવામૃત તૈયાર કરી નહિવત ખર્ચથી ખૂબ સારૂ ઉત્પાદન મળે છે. સુખપુર ગામના મહેશભાઈ હરીભાઈ સોજીત્રા પ્રાકૃતીક કૃષિ પધ્તિથી ૭૦ વીઘા જમીન પૈકી ૩૦ વીઘા જમીનમાં સંપૂર્ણપણે પ્રાકૃતિક કૃષિ કરે છે. કહે છે કે પ્રાકૃતિક કૃષિની વધુ જરૂરિયાત છે. પ્રાકૃતિક કૃષિમાં નહિવત ખર્ચ છે સાથે ગુણવત્તા યુક્ત અને વધુ ઉત્પાદન મળે છે.

મહેશભાઈ સોજીત્રા એ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, SPNF અને આત્મા પ્રોજેકટના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિ વિશે સમજ કેળવી અને તાલીમ મેળવીને પ્રાકૃતિક કૃષિ તરફ પ્રયાણ કર્યું. આંબા, કેળા પપૈયા, નાળિયેરી સહિતના બાગાયતી પાક સાથે શાકભાજી અને અનાજનું ઉત્પાદન પ્રાકૃતિક ખેતીથી મેળવે છે.તેઓ આમ તો વર્ષોથી ગાય આધારીત ખેતી સાથે સંકળાયેલ છે જ પણ ૨૦૨૧થી આચાર્ય દેવવ્રતજી પ્રેરીત ખેતી કરી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિ માટે મહેશભાઈ જણાવ્યુ કે જાતે તૈયાર કરેલ જીવામૃત દરેક છોડને આપતો હોવાથી કોઈ પ્રકારનો ખર્ચ થતો નથી. જમીનમાં કુટુંબ તથા ઘરમાં ખોરાક માટે શાકભાજી, મગફળી ઘઉં, કઠોળનું પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન મેળવવું છું. જે અમે સૌ કુટુંબો ખોરાકમાં લઈએ છીએ. આ અંગે અન્ય ખેડૂતોને એવી અપીલ કરી હતી કે આપણે સૌએ આપણા પરિવાર અને સગા સંબંધી કુટુંબોના ખોરાક માટે કઠોળ, શાકભાજીનું પ્રાકૃતિક ખેતીથી જ ઉત્પાદન કરવું જોઈએ. અને તેનો ખોરાકમાં ઉપયોગ કરવો જોઈએ.પ્રાકૃતિક કૃષિ આપણા માટે તો ઉત્તમ છે જ સાથે સાથે દરેક સજીવ માટે પણ આશીર્વાદરૂપ છે. પ્રાકૃતિક ખેતીથી માત્ર નિંદામણ વગર અન્ય કોઈ પણ ખર્ચ કર્યા સિવાય સારૂ ઉત્પાદન મેળવી રહ્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું.

ખેત ઉત્પાદન માટે યુરીયા અને પેસ્ટીસાઈડસના વપરાશથી થતા પર્યાવરણનું નુકશાન તથા માનવ અને પશુ-પક્ષીઓને થઈ રહેલા નવા નવા રોગો દ્વારા થતા નુકસાનથી બચવા અને જૈવીક ખાતરો ઘરે બનાવવા બહૂજ સરળ છે જેમાં બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત, પંચગવ્ય દુધ-ગોળનાં મિશ્રણનો છંટકાવ,ખાટી છાછ નો સમયાંતરે છંટકાવ, સાથે કીટ નિયંત્રણ દવા તરીકે નીમાસ્ત્રઃ રસ સૂચવા વાળી જીવાત માટે- ગૌમૂત્ર ૫ લિટર છાણ ૧ કિલો લીમડો ૫ કિલો લઈ ૧૦૦ લિટર પાણીમાં નાખીને ૨૪ કલાક રાખવું ત્યારબાદ ગાળીને છાંટવું ,બ્રહ્માસ્ત્રઃ મોટી ઈયળ અને બાકી જીવાત માટે ગૌમૂત્ર ૧૦ લિટર ૩ કિલો લીમડો ૨ કિલો કરંજ ૨ કિલો સીતાફળ પાન ૨ કિલો બીલી પત્ર ૨ કિલો ધતુરાના પાન લઈ બધુ ભેગું કરીને ત્રણ ચાર ઉકાળા લઈને ગાળીને ૪૮ કલાક રાખવું. ૧૦૦ લિટર પાણીમાં નાખીને છંટકાવ કરવું અગ્નિશસ્ત્રઃ કપાસ, ફળ વગેરેમાં રહેતી ઈયળો માટે ગૌમૂત્ર ૧૦ લિટર ૧ કિલો તમાકુ (વેસ્ટ હોય તે) ૫૦૦ ગ્રામ તીખા મરચા ૫૦૦ ગ્રામ લસણ ૫ કિલો લીમડાના પાન લઈ બધું મિક્ષ કરીને ચાર ઉકાળા લઈને ગાળીને ૪૮ કલાક રાખવું. ૧૦૦ લિટર પાણીમાં નાખીને છંટકાવ કરવાની વિગતો આપી હતી.

રાસાયણિક ખેતીથી આનંદ ઉમંગ ઉત્સાહ ઘટવા લાગ્યો વધતા ખર્ચા અને ઓછા ઉત્પાદનથી ખેડૂતો ખેતીથી વિમુક્ત થવાનાં અણસાર વધવા લાગ્યા ત્યારે આ વિષચક્રમાંથી બહાર નીકળવા માટે પ્રાકૃતિક ખેતી વિકલ્પના રૂપમાં ઉપયોગી બની રહી છે. દેશી ગાય અને એ ગાયના ગોબર મૂત્રથી ખેતી ખર્ચ શૂન્ય છે અને બે થી અઢી ગણું ઉત્પાદન વધે છે. દેશના પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો તેમની ખેતીનો અદભૂત જ્ઞાન તેઓ જીવતી જાગતી યુનિવર્સિટી સમાન બનીને દેશના ખેડૂતોને અનુસરણ કરવું પડે તે રીતે ખેતી કરી રહ્યા છે.ત્યારે હું રાષ્ટ્રનાં વિકાસમાં કૃષિ થકી મારૂ યોગદાન જોડી રહ્યો છુ તેનું મને ગૌરવ છે તેમ કહ્યુ હતુ.

**આલેખન- ચિરાગ પટેલ, માહિતી બ્યુરો જૂનાગઢ**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# જરૂરિયાતો પર ભારે પડી રહેલી ઈચ્છાઓ

તપતી ધરતી, નષ્ટ થતાં જંગલ, વધતું જળસંકટ અને હવામાં ઘોળાતા ઝેરની ફરિયાદ તો બધા કરે છે, પરંતુ પર્યાવરણની બગડતી હાલત પ્રત્યે જવાબદારી કોઈ નથી લેતું. જ્યારે પર્યાવરણનો મુદ્દો સમગ્ર સમુદાય સાથે જોડાયેલો છે. આજે વધતી આધુનિકતાએ આપણી જીવનશૈલીને ઘણી હદ સુધી પ્રભાવિત કરી દીધી છે. આજનો યુવા યુઝ એન્ડ થ્રો કલ્ચર તરફ આગળ વધતો જાય છે. લોકો ફેશનના ચક્કરમાં છાશવારે નવી નવી ગાડી, ફોન, ઘરના સામાન, કપડાં વગેરે ખરીદતા જ રહે છે. દર બે-ચાર વર્ષમાં જૂનાને બદલે નવી ચીજો લેવાની પ્રવૃત્તિ વધતી જાય છે. આજથી થોડાં વર્ષો પહેલાં સુધી એવું નહોતું.

આજે સ્ક્રીન પર એક ટચથી ઘરે બેઠાં ગમે તે મગાવી શકાય છે. તેણે જીવનને આસાન ભલે બનાવી દીધું હોય, પરંતુ તેમાં કોઈ શંકા નહીં કે તે પર્યાવરણ માટે બહુ જ દુઃખદાયી છે. એકલું કાપડ બજાર વૈશ્વિક સ્તર પર વાર્ષિક ૯૨ મિલિયન ટન કચરો પેદા કરે છે. વિચારો કે આ પર્યાવરણના બગડતા સ્વાસ્થ્ય માટે કેટલું ખતરનાક છે. કાપડ બજારને ૨૦૫૦ સુધી વૈશ્વિક તાપમાન બે ડિગ્રી ઓછું કરવા માટે કાર્બન ઉત્સર્જન કપાતમાં ૨૬ ટકા યોગદાન કરવું પડશે. હવે સમય આવી ગયો છે કે જ્યારે ધરતી પર ઉપલબ્ધ સંસાધનોનો સંયમિત ઉપભોગ અને યોગ્ય જીવનશૈલી અપનાવવામાં આવે. કારણ કે પર્યાવરણની આબોહવા ઝેરી બનાવવામાં આપણી જીવનચર્યા પણ જવાબદાર છે. દેખાડાની વધતી સંસ્કૃતિએ આપણા સ્વાસ્થ્યને ખરાબ રીતે પ્રભાવિત કરી દીધું છે. આજે આપણી જરૂરિયાતો પર ઈચ્છાઓ ભારે પડી રહી છે. શહેરો જ નહીં, ગામડાંમાં પણ બિનજરૂરી સવિધા એકઠી કરવી સામાન્ય થઈ પડ્યું છે. આધુનિક જીવનશૈલી સાથે જોડાયેલી એવી તમામ ચીજો છે, જે ધરતી પર બોજ વધારવાનું કામ કરી રહી છે.

આપણી સનાતન સંસ્કૃતિમાં ઝાડ-છોડથી લઈને નદીઓ અને પહાડો સુદ્ઘાંને પૂજવાની પરંપરા રહી છે, પરંતુ પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણમાં આપણે આપણી પુરાતન પરંપરાઓ ભૂલતા જઈએ છીએ. સુખ-સુવિધાઓ એકઠી કરતો માણસ એ ભૂલ કરી રહ્યો છે કે પર્યાવરણનું સંરક્ષણ ખુદ તેના અસ્તિત્વને બચાવવા માટે પણ જરૂરી છે.

ધરતીનું અંધાધૂંધ દોહન આપણા જીવન માટે સંકટ બની ગયું છે. દેશમાં વાયુ પ્રદૂષણથી દર મિનિટે બે લોકોના જીવ જાય છે. વાયુ પ્રદૂષણને કારણે ભારતમાં ૧૫ ટકા બાળકો સમય પહેલાં જ પેદા થઈ રહ્યા છે. જે ભારતીય સંસ્કૃતિમાં રિ-સાયકલ ન થઈ શકનારી કોઈ ચીજના ઉપયોગની કોઈ જોગવાઈ જ ન હતી, હવે ત્યાં યુઝ એન્ડ થ્રો કલ્ચર ઝડપથી વધી રહ્યું છે. વધતા કચરાના પહાડ તેના પુરાવા છે. યુઝ એન્ડ થ્રોની સંસ્કૃતિએ પ્લાસ્ટિકની ખપત પણ વધારી દીધી છે. જો આપણે આ કલ્ચરને ન છોડ્યું તો આવનાર સમયમાં વિશ્વ પોલિથીન કચરાનો ઢગલો બની જશે. આજે વધતી આધુનિકતાએ આપણી જીવનશૈલીને ઘણી હદ સુધી પ્રભાવિત કરી દીધી છે. આજનો યુવા યુઝ એન્ડ થ્રો કલ્ચર તરફ આગળ વધતો જાય છે. લોકો ફેશનના ચક્કરમાં છાશવારે નવી નવી ગાડી, ફોન, ઘરના સામાન, કપડાં વગેરે ખરીદતા જ રહે છે. દર બે-ચાર વર્ષમાં જૂનાને બદલે નવી ચીજો લેવાની પ્રવૃત્તિ વધતી જાય છે. આજથી થોડાં વર્ષો પહેલાં સુધી એવું નહોતું.

### રાજ્યની કેટલીય કોલેજમાં બેઠકો ખાલીખમ

# GCAS પોર્ટલમાં ખામીને પગલે વિદ્યાર્થીઓ-પ્રોફેસરો પરેશાન

## GCAS અંતર્ગત કોલેજોમાં પ્રવેશ માટે બે રાઉન્ડના અંતે ૨૦ ટકા પણ વિદ્યાર્થીઓના પ્રવેશ થયા નથી

ગાંધીનગર, તા.૧

રાજ્યમાં સરકારી અને પ્રાઈવેટ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે Gujarat Common Addmission Service (GCAS) શરુ કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા માટે કોમન પોર્ટલ GCAS શરુ કરીને રાજ્યની અલગ-અલગ યુનિવર્સિટીઓની કોલેજમાં વિદ્યાર્થીને પ્રવેશ મેળવવા માટે અરજી મંગાવવામાં આવી હતી. જેમાં કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે આ વખતે રાજ્ય સરકારે નવી ચીલો પાડ્યો પાડી એક જ માધ્યમ થકી વિદ્યાર્થીઓને કોલેજોમાં પ્રવેશ અપાવવાના પ્રયત્નો કરવામાં આવ્યો હતો. પરંતુ નવી સિસ્ટમની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોમાં ઘણી ગૂંચવણો અનુભવાતી હોવાનું જાણવા મળ્યું હતુ.

તેવામાં GCAS અંતર્ગત કોલેજોમાં પ્રવેશ માટે બહાર પાડવામાં આવેલા બે રાઉન્ડના અંતે ૨૦ ટકા પણ વિદ્યાર્થીઓના પ્રવેશ થયા નથી.

બીજી તરફ, વિદ્યાર્થીઓ વગર શૈક્ષણિક કાર્ય શરુ કેમ કરવુ તેને લઈને અધ્યાપકોમાં મૂંઝવણ જોવા મળી હતી. આ ઉપરાંત અધ્યાપકોની મળેલી બેઠકમાં GCAS પોર્ટલમાં ખામીઓ હોવા અંગે સરકારને ધ્યાન દોરવા જણાવ્યું હતું.

નવા શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રક્રિયા માટે રાજ્યએ જીઝછજી કોમન પોર્ટલની સુવિધા ઉપલબ્ધ કરી છે. જીઝછજી પોર્ટલની નવી રીતથી પ્રવેશ પ્રક્રિયા શરુ કરવામાં આવતા હોવાથી વિદ્યાર્થીઓ ઘણી-બધી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેવામાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ પૂરો થયા હોવા છતાં ઘણી બધી કોલેજોમાં જગ્યાઓ ખાલી પડી હોવાનું જાણવા મળ્યુ છે. જેમાં પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડના અંતે ગુજરાત યુનિવર્સિટીની કોલેજોમાં માત્ર ૧૫ ટકા જ બેઠકો ભરાતા ૫૫ હજારથી વધુ બેઠકો ખાલી પડી છે.

રાજ્યની યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે કોમન પોર્ટલ GCAS શરુ કર્યુ છે. શરુઆતથી ગૂંચવણ ભર્યા આ પોર્ટલમાં ખામીઓ હોવાથી વિદ્યાર્થીઓ સહિત પ્રોફેસરો પણ મુશ્કેલીમાં મુકાયા છે.

તેવામાં ઘણી કોલેજોમાં બેઠકો ખાલી પડી હોવાથી પ્રોફેસરો મૂંઝવણમાં મુકાયા છે કે, પૂરતા વિદ્યાર્થીઓ વગર સત્રની શરુઆત કેમ કરવી. જ્યારે પ્રોફેસરો અને આચાર્યનું માનવું છે કે, હાલ જે પોર્ટલમાં રજીસ્ટ્રેશનની પ્રક્રિયા બંધ છે તે શરુ કરવામાં આવે.

### બેવડી ઋતુના પગલે ઠેર – ઠેર રોગચાળો વકર્યો

# ઉપલેટાના તણસવામાં ૫ બાળકને ભરખી ગયો કોલેરા

## આરોગ્ય વિભાગની કામગીરી પર પૂર્વ MLA લલિત વસોયાએ અનેક સવાલો ઉઠાવ્યા છે

ઉપલેટા,તા.૧

ઉપલેટાના તણસવા ગામે કોલેરાથી અત્યાર સુધીમાં ૫ બાળકોના મોત થયા છે. આરોગ્ય વિભાગની કામગીરી પર પૂર્વ સ્ન્છ લલિત વસોયાએ અનેક સવાલો ઉઠાવ્યા છે.

રાજ્યમાં બેવડી ઋતુના પગલે ઠેર–ઠેર રોગચાળો વકર્યો છે. ઉપલેટાના તણસવા ગામે કોલેરાથી અત્યાર સુધીમાં ૫ બાળકોના મોત થયા છે. આ અગાઉ ૪ બાળકોના મોત કોલેરાથી થયા હતા. ત્યારે ફરી કોલેરાગ્રસ્ત બાળકનું જામનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. કારખાનામાં મજૂરી કામ માટે આવેલા શ્રમિકોના આ બાળકો હતા. આ ઘટનાને લેઈને લલિત વસોયાએ પણ ઘણા આક્ષેપ કર્યા છે. તેમને આક્ષેપ કરતા કહ્યુ છે કે તંત્ર શુદ્ધ પીવાનું પાણી પુરુ પાડી શકતુ નથી એટલે દોષનો ટોપલો કારખાનાના માથે નાંખે છે. રાજકોટના તણસવા ગામે કોલેરાથી ૫ બાળકોના મોતનો મુદ્દા પર ધોરાજીના પૂર્વ MLA લલિત વસોયાએ આરોગ્ય વિભાગ પર સવાલ ઉઠાવ્યા છે. "અગાઉ કોલેરાના કારણે શ્રમિકોના ૪ બાળકોના મોત થયા હતા. "ફરી એક બાળકનું જામનગર સિવિલમાં સારવાર હેઠળ મોત થયુ છે. જેના પગલે લલિત વસોયાએ તંત્રની કામગીરી માત્ર કાગળ પર જ હોવાનો દાવો કર્યો છે.

તંત્ર લોકોને શુદ્ધ પાણી નથી આપી શકતું અને તેની જગ્યા કારખાના સીલ કરીને ધન્યતા અનુભવે છે. આરોગ્ય વિભાગ અને જવાબદાર અધિકારીઓ બેદરકાર છે. ૨૦૨૦માં શરૂ થયેલી પાણીની યોજના તંત્રએ બંધ કરી હોવાનું પણ જણાવ્યુ છે.

### જનતાને અપાયો મોંઘવારીનો વધુ એક ડામ

# ખાદ્યતેલના ભાવમાં ૨૦ થી ૪૦ રૂપિયાનો ઝીંકાયો વધારો

## વરસાદી સિઝનના કારણે મગફળીનું પિલાણ બંધ હોવાથી જેની સીધી જ અસર સીંગતેલના ભાવમાં જોવા મળી

અમદાવાદ,તા.૧

ચોમાસુ શરૂ થતાની સાથે જ શાકભાજીના ભાવ ભડકે બળી રહ્યા છે. ટામેટાના ભાવ પણ આસમાને પહોંચ્યા છે ત્યારે જનતાને પર વધુ એક મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. હાલ ખાદ્યતેલના ભાવમાં ડબ્બે રૂપિયા ૨૦ થી ૪૦નો વધારો કરવામાં આવ્યો છે.

જનતા પર ફરીએકવાર મોંઘવારીનો વધુ એક માર સહન કરવાનો વારો આવ્યો છે. ચોમાસુ આવતાની સાથે જ શાકભાજીના ભાવમાં ભડકો થાય છે પરંતુ હાલ હાલ વરસાદી સિઝનના કારણે મગફળીનું પિલાણ બંધ કરવામાં આવ્યુ છે. જેની સીધી જ અસર સીંગતેલના ભાવમાં જોવા મળી છે. જેના કારણે સીંગતેલથી લઈને સોયા તેલ સહિતના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

હાલ સિંગતેલ, કપાસીયા, પામ ઓઈલ અને સોયાબિન તેલના ભાવમાં વધારો થયો છે. સિંગતેલના ભાવમાં રૂપિયા ૩૦ નો ડબ્બે વધારો થયો છે. નવા ભાવ વધારા સાથે ડબ્બાનો ભાવ ૨૫૬૦ રૂપિયા થયો છે. કપાસિયા તેલના ભાવમાં રૂપિયા ૩૦નો વધારો થયો છે અને ડબ્બાનો ભાવ ૧૬૯૦ રૂપિયા થયો છે. જ્યારે પામ ઓઈલમાં પણ ૨૦ રૂપિયાનો વધારો થયો છએ અને ડબ્બાનો ભાવ રૂપિયા ૧૬૭૦ થયો છે. સોયાબિન તેલમાં પણ રૂપિયા ૪૦નો વધારો ઝીંકાયો છે અને ડબ્બાનો ભાવ ૧૭૦૦ રૂપિયા છે. હાલમાં ઉનાળુ મગફળી પિયત માટે પહોંચી નથી. હાલ વરસાદી માહોલને કારણે મગફળી પૂરતા પ્રમાણમાં ઓઈલ મિલરોમાં પહોંચી નથી, આથી પિલાણ બંધ છે. સામાન્ય રીતે જન્માષ્ટમીના પર્વ પર આ ભાવવધારો થતો હોય છે પરંતુ આ વખતે એ પહેલા જ ભાવ વધારો થયો છે, ત્યારે સાતમ-આઠમના તહેવારો દરમિયાન ખાદ્યતેલોના કેટલા ભાવ રહેશે તે જોવાનું રહેશે.

### ભરૂચમાં હિટ એન્ડ રનની ઘટના બની

# મોપેડને ધક્કા મારી લઈ જતા ત્રણ યુવાનોને અડફેટે લેતા એકનું મોત નીપજ્યું

## આખરે પોલીસે યશ નિલેશભાઈ મિસ્ત્રી નામના યુવાનની અટકાયત કરતા મામલો થાળે પડ્યો છે

ભરૂચ,તા.૧

દહેજ બાયપાસ રોડ પર શ્રવણ ચોકડી નજીક હિટ એન્ડ રનની ઘટના બાદ હોબાળો મચ્યો છે. અજાણ્યો કાર ચાલક મોપેડને ધક્કા મારી લઈ જતા ત્રણ યુવાનોને અડફેટે લેતા એકનું મોત નીપજ્યું હતું. ઘટના બાદ ફરાર કાર ચાલકને શોધી કાઢી ધરપકડ ન કરાય ત્યાં સુધી મૃતક પરિવારજનોએ લાશનો કબ્જો ન લેવાની ચીમકી ઉચ્ચારી હતી. આખરે પોલીસે યશ નિલેશભાઈ મિસ્ત્રી નામના યુવાનની અટકાયત કરતા મામલો થાળે પડ્યો છે. પ્રતીક સોલંકી નામનો યુવાન સેકન્ડ શિફ્ટમાં નોકરી કરી પરત શ્રવણ ચોકડી વિસ્તારમાં બસમાંથી ઉતર્યો હતો. અહીં તેની મોપેડ ચાલુ ન થતા બે મિત્રોને મદદ માટે બોલાવ્યા હતા. રાતે ત્રણેય મિત્રો મોપેડને ધક્કા મારી લઈ જય રહ્યા હતા ત્યારે બેફામ કર ચાલકે યુવાનોને ફંગોળ્યા હતા.ઘટનામાં પ્રતીક સોલંકીનું મોટ નીપજ્યું છે. કાર ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. પોલીસે પોલીસે યશ નિલેશભાઈ મિસ્ત્રી નામના યુવાનની ધરપકડ કરાઈ છે. આરોપીનું મેડિકલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ગાંધીનગરથી ગેરકાયદે એલોપેથિક દવા વેચનાર વધુ એક વ્યક્તિ ઝડપાયો

ગાંધીનગર,તા.૧

રાજ્યમાં અનેક વાર ગેરકાયદેસર દવાઓનું વેચાણ કરતા લોકોને ઝડપાવામાં આવે છે. ગાંધીનગરથી ગેરકાયદે એલોપેથિક દવા વેચનાર વધુ એક વ્યક્તિ ઝડપાયો છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે અંકિત પ્રજાપતિ નામના શખ્સને ઝડપી પાડ્યો છે. અધિકારીઓએ ૬ જેટલી દવાઓના નમૂના લઈને તપાસ હાથ ધરી છે. સ્થળ પરથી ૧૦ લાખની કિંમતનો દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ અગાઉ પણ આરોપી બનાવટી દવાની ફેકટરી કૌભાંડમાં પકડાયો હતો.આ અગાઉ પણ ગાંધીનગર GIDC ખાતે આવેલી શ્રી હેલ્થકેર નામની બોગસ કંપનીમાં ફૂડ અને ડ્રગ્સ વિભાગે દરોડા પાડ્યા હતા.આ કંપનીમાં મોટી માત્રામાં એજીસોમાઈસીન લખેલા ડ્રમ, ટોર્ચ પાઉડર, ખાલી કેપ્સ્યુઅલ અને એન્ટિબાયોટિક લેબલ મળ્યા હતા.૪ કરોડના મુદ્દામાલ સાથે ભાવિન ગોરધન પટેલ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપી લેબલ વગરની કેપ્સ્યુલ બનાવીને બીજા રાજ્યમાં વેચતો હોવાનો ખુલાસો થયો હતો.

# કોડીનારના મોટી ફાફણી ગામે તન્ના પરિવારના કુળદેવી ભવાની માતાજીના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ



(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા તા.૧

કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામે લોહાણા સમાજના તન્ના પરિવારના કુળદેવી શ્રી ભવાની માતાજીનું ભવ્ય મંદિર નિર્માણ પામ્યું છે. આ મંદિર મધ્યે તા.૨૮/૬ થી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ રહ્યો છે. ડોળાસા નજીકના મોટી ફાફણી ગામે ભવાની માતાજીના નવ નિર્મિત મંદિર ખાતે યોજાઈ રહેલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના બીજા દિવસે માતાજીની મૂર્તિને ધાન્યા ધિવાસ સહિત વિવિધ શાસ્ત્રોકત વિધિ કરવામાં આવી હતી. શાસ્ત્રી આનંદભાઈ પોરાણી દ્વારા શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવી રહી છે. આવતીકાલ તા.૩૦/૬ના રોજ સાંજે માતાજીની મહા આરતી બાદ મંદિર ખુલ્લું મુકાશે અને નાની અને મોટી ફાફણી ગામોનો સમૂહ પ્રસાદ યોજાશે.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૦૧-૦૭-૨૦૨૪ થી ૦૬-૦૭-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન અકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે. મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવું. નાણાંકીય જવાબદારી વધે, આવક કરતા જાવક વધે. આ સમય દરમિયાન નાણાંનુ રોકાણકરવું નહિં કે મોટા સાહસમાં ન પડવું હિતાવહ. નોકરીયાત માટે આ સમય સારો છે. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો કે સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે. જીવનસાથીનો સહકાર મળે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એક બાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે જેથી નાણાંભીડનો સામનો કરવો પડે. નોકરી ક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકશો નહીં. વિરોધીઓના કારણે વિઘ્નો આવે. વેપાર-ધંધા ક્ષેત્રે પણ સંઘર્ષમય સ્થિતિ રહે. દામ્પત્યજીવનમાં સાનુકૂળતા અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારું રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન માનસિક ઉત્પાત કે અજંપો વર્તાય. આત્મવિશ્વાસ અડગ રાખવું. તમારા વિચારો અને સિધ્ધાંતોને વળગી ન રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી દ્વારા યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક અને સહનશીલતાસભર વર્તન કરવું. સંતાનો સાથે સારૂં રહે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત અને સ્વાસ્થ્ય ટકાવી રાખવા હિતાવહ. દ્રઢતા અને મક્કમતા કેળવવા માનસિક સ્વાસ્થય જાળવી શકશો તો પરિસ્થિતની સાનુકૂળતા રહેશે. નાણાંકીય મૂંઝવણ રહ્યા કરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાતને અટકેલા લાભો મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. મળેલી તકને ઝડપી લેવી. કૌટુંબિક પ્રશ્નોને કારણે મનમાં અશાંતિ રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે. નવિન તકો આવે તેને વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડી ગુંચવાય. ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારા કાર્યો અટકે નહીં. નોકરી-ધંધા ક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેને તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય, હિતશત્રુઓથી સાવધ રહેવું. ધીરજ અને સંયમ રાખવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું અને આરોગ્ય જાળવવું હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી ચાલી આવતી અશાંતિ દૂર થાય. સાનુકૂળતા સભર સમય. વધારાની આવક ઊભી થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલીના પ્રશ્નોનો હલ થાય. મહત્વની કામગીરી અંગે યશ મળે. કૌટુંબિક પ્રશ્નો હલ થાય. જીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. તબિયત સારી રહે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે. અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિંતો ગૃહસ્થીજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાકીય કાર્યો પાર પડે. ખર્ચ વધે, નોકરીયાત વર્ગ માટે સાનુકૂળતાસભર સમય. ઉપરી અધિકારીઓનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાડુંઓની મદદ મળે. જીવનસાથી સાથે સમજદારીભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. તબિયત એકંદરે સારી રહે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો. આત્મવિશ્વાસમાં વધારો થાય. વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટે આયોજન થાય. નોકરીયાત માટે સારું રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓના કારણે વિઘ્નો આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુ સાથે વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય અને મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત વર્ગ માટે મિશ્ર સમય. વાણી સંયમ જાળવવો હિતાવહ. ગૃહસ્થીજીવનમાં મતભેદ રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય ક્ષેત્રે સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચમાં થોડો વધારો થતા નાણાંકીય મૂંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત માટે સારો સમય છે છતાં પણ સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ. દામ્પત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકાર ભર્યું વાતાવરણ રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકશો. સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય રીતે મૂંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય. વિરોધીઓના હાથ વડે નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થીજીવનમાં સંવાદીતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને. આરોગ્ય સારું રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન તમારી અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અનુભવાય. બેચેની રહે, મનને પ્રવૃત્તિમાં રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું અને ઉતાવળીયા નિર્ણયો ન લેવા. ઉપરી અધિકારીથી ચકમક ઝરે. મિલ્કત અંગેના પ્રશ્નો યથાવત રહે. ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય. આરોગ્ય એકંદરે સારું રહે.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સારું સ્વાસ્થય મનુષ્યની પ્રથમ મહાન સંપતિ છે.

- એમર્સન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૧૦, તા.૧ જુલાઈ ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૨૪, અશ્વિની નક્ષત્ર, સુકર્મા યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ સવારે ૬:૨૫ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

CMYK CMYK CMYK

વર્ષ ૨૦૧૧થી અમલમાં આવેલી પોલિસીમાં કેટલાક સુધારા કરવા નવી જોગવાઈઓ ઉમેરાઈ

# રાજ્યની સ્ટેટ લીટીગેશન પોલિસીને વધુ કડક બનાવાઈ : હવે અધિકારીઓ ઉપર ગાળિયો કસાશે

## અપીલમાં વિલંબ અટકાવવા મુખ્ય સચિવના વડપણ હેઠળ કમિટીનું કરાયું ગઠન

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવાયા હતા. જે અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વર્ષ ૨૦૧૧થી અમલમાં આવેલી ગુજરાત સ્ટેટ લીટીગેશન પોલીસીમાં રાજ્ય સરકાર દ્વારા કેટલાકી જોગવાઈઓ ઉમેરવામાં આવી છે. વખતો વખતની સમિક્ષા અને હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ સંદર્ભે હાલની પોલીસીમાં કેટલાક સુધારાઓ કરવાની જરૂરિયાતના આધારે વિવિધ જોગવાઈ ઉમેરવામાં આવી છે. તેમણે કહ્યું કે, એકાઉન્ટીબીલીટી એટલે કે અધિકારીની જવાબદારી નક્કી કરવા માટે જોગવાઈ ઉમેરવામાં આવી છે. જે કેસ ગુણદોષનાં આધારે મજબૂત હોય તેમ છતાં, અધિકારીની બેદરકારી કે પૂરતી માહિતી ન આપવાનાં કારણે જે પરિણામ આવે તેવા સંજોગોમાં અધિકારીની જવાબદારી નક્કી કરી, તેમની વિરૂધ્ધ કાર્યવાહધ્ કરવી જોઈએ તેવું આ જોગવાઈમાં સૂચન કરાયું છે. અપીલમાં વિલંબ અટકાવવાની જોગવાઈ અંતર્ગત જ્યારે કોઈ ચૂકાદો રાજ્યની કોઈ પ્રવર્તમાન નીતિને અસરકરતાં હોય, ત્યારે કાયદા વિભાગના અભિપ્રાયથી દરખાસ્ત કરનાર વિભાગ સહમત ન હોય ત્યારે શું કાર્યવાહી કરવી તેની જોગવાઈ ઉમેરવામાં આવી છે. આવા કિસ્સામાં સરકાર દ્વારા એક કમીટીનું ગઠન કરાયું છે, જેનો નિર્ણય આખરી ગણાશે. આ કમીટીમાં રાજ્ય સરકારના મુખ્ય સચિવ અધ્યક્ષ રહેશે. આ ઉપરાંત નાણા વિભાગ સચિવ, સામાન્ય વહીવટી વિભાગના સચિવ, કાયદા વિભાગના સચિવ અને જે વિભાગે દરખાસ્ત કરી હોય તે વિભાગના સચિવ કમિટીના સભ્ય રહેશે. સ્ટેટ લીટીગેશન પોલીસીમાં સુધારા કરવાથી સરકારપક્ષનાં જે કેસો સારા છે, તે કેસોને ત્વરિત મોનિટરીંગ કરી શકાશે. સાથે જ વિલંબનાં કારણે થતું નુકસાન અટકાવી શકાશે. આ સુધારા થકી વિલંબ કરનાર જવાબદાર સામે અસરકારક પગલાં ભરી શકાશે. આ સ્ટેટ લીટીગેશન પોલીસી થકી સરકારના સમય, નાણાં તેમજ શક્તિનો બચાવ થશે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

# ૨૦૨૫ સુધીમાં ભારતના ઉડ્ડયન ઉદ્યોગના કર્મચારીઓમાં ૨૫ ટકા મહિલાઓને સામેલ કરવાનું લક્ષ્યાંક રખાયું



નવી દિલ્હી, તા.૧

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)એ ઉદ્યોગના હિસ્સેદારો માટે 'નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં લિંગ સમાનતા' ઉપર એક સલાહકાર પરિપત્ર જારી કર્યો છે. પરિપત્રનો હેતુ ભારતના ઉડ્ડયન ઉદ્યોગમાં ૨૦૨૫ સુધીમાં વિવિધ હોદ્દા ઉપર મહિલાઓની સંખ્યાને ૨૫% સુધી વધારવાનો છે. એક અધિકારીએ જણાવ્યું કે, નિયમનકારે સ્ટોકહોલ્ડર્સને પરિપત્રમાં 'ઉડ્ડયન કર્મચારીઓમાં મહિલાઓના ઉન્નત પ્રતિનિધિત્વને પ્રોત્સાહન આપવા, સંગઠનમાં મહિલાઓ માટે નેતૃત્વ અને માર્ગદર્શન કાર્યક્રમો રજૂ કરવા, સ્ટીરિયોટાઈપ્સ અને લિંગ પૂર્વગ્રહના મુદ્દાને સંબોધવા અને મહિલા કર્મચારીઓ માટે વધુ સારા કાર્ય-જીવન સંતુલનને પ્રોત્સાહન આપવા' સલાહ આપી છે. પરિપત્ર કાર્યસ્થળ ઉપર લિંગ સમાનતાના મુદ્દાઓને સંબોધવા માટે નીતિઓ અને પ્રથાઓને સુધારવા માટે લઈ શકાય તેવા વિવિધ પગલાઓની યાદી આપે છે. અધિકારીએ જણાવ્યું કે 'આમાં જાતીય સતામણી પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવવી, વિવિધતાના ઉદ્દેશ્યોને ઓળખવા અને તેને હાંસલ કરવા માટે HR નીતિઓ ઘડવી, મહિલા કર્મચારીઓની વર્ક પ્રોફાઈલ્સમાં વૈવિધ્યકરણ, મહિલા રોલ મોડેલ/સિદ્ધિઓને પ્રકાશિત કરવા અને લિંગ સમાવિષ્ટ કામના વાતાનરણને પ્રોત્સાહન આપતા અન્ય સુવિધાજનક પગલાંનો સમાવેશ થાય છે.' અધિકારીએ જણાવ્યું હતું કે, આ પરિપત્ર ભારતના બંધારણમાં સમાવિષ્ટ લિંગ સમાનતાના સિદ્ધાંત અને ઉડ્ડયન વિભાગમાં લિંગ સમાનતા હાંસલ કરવા માટે સમાન તકોને પ્રોત્સાહન આપવા માટે ICAOના વિઝનને અનુરૂપ છે.

# ભાજપના પ્રદેશ પ્રમુખ અંગેની અટકળો વચ્ચે સુરતના MLAની દિલ્હીમાં મુલાકાત સૂચક

ગાંધીનગર, તા.૧

લોકસભાની ચૂંટણી બાદ કેન્દ્ર સરકારની રચના પણ સંપન્ન થતા હવે ગુજરાત પ્રદેશ ભાજપી કારોબારી બેઠક આગામી નજીકના દિવસોમાં મળવા જઈ રહી છે. ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને કેબિનેટ મંત્રી બનાવવામાં આવતા હતા, જેથી તેમના અનુગામી કોણ બનશે એને લઈ ચર્ચા શરૂ થઈ ગઈ છે. ત્યારે હવે કદાચ આ બેઠકમાં નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત થાય તેવી અટકળો તેજ બની છે. જેમાં ભાજપના સુરતના ધારાસભ્ય દિલ્હીમાં ટોચના નેતાઓને મળતા વધુ ચર્ચા શરૂ થઈ છે. ગુજરાતમાં આગામી તારીખ ૪ અને ૫ જુલાઈના રોજ બોટાદ સ્વામિનારાયણ મંદિર ખાતે ભારતીય જનતા પાર્ટીની વિસ્તૃત બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ બેઠક અગાઉ સુરત પશ્ચિમના ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીની કેન્દ્રીય મોવડીમંડળ સાથે મુલાકાત કરી હોવાની સૂચક તસવીરો બહાર આવી છે. હાલ આ તસવીરો બહાર આવતાં અનેક ચર્ચા શરૂ થઈ છે. ભાજપના સુરત પશ્ચિમ વિધાનસભા બેઠકના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ તાજેતરમાં દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તથા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા સાથે મુલાકાત કરી હતી. આ બેઠકની તસવીરો પણ સોશિયલ મીડિયામાં જાહેર કરવામાં આવી છે ત્યારે ગુજરાતમાં આગામી તારીખ ૪ અને ૫ જુલાઈના રોજ યોજાનારી પ્રદેશ કારોબારી બેઠક અગાઉ યોજાયેલી આ મુલાકાત સૂચક માનવામાં આવે છે. આ મુલાકાત સૂચક એટલે માનવામાં આવે છે, કેમ કે ચર્ચા એવી ચાલી રહી છે કે ગુજરાત પ્રદેશ કારોબારીની વિસ્તૃત બેઠકમાં પ્રદેશ પ્રમુખની નિયુક્તિ કરવામાં આવી શકે છે અથવા તો કાર્યકારી પ્રદેશ પ્રમુખ માટે પ્રસ્તાવ લાવવામાં આવી શકે છે. જોકે ભાજપના બંધારણ મુજબ જોઈએ તો, કોઈ પણ પ્રદેશ કારોબારી બેઠકમાં ક્યારેય પ્રદેશ પ્રમુખના નામ જાહેર કરવામાં આવ્યા નથી. તેમ છતાં પણ પૂર્ણેશ મોદીની કેન્દ્રીય મોવડીમંડળ સાથે યોજાયેલી આ બેઠક ગુજરાતના રાજકારણ માટે અત્યંત સૂચક માનવામાં આવી રહી છે. પૂર્ણેશ મોદી સંગઠનના અગ્રણી વ્યક્તિ હોવાની ગણના થાય છે, રાષ્ટ્રીય સંગઠનમાં પણ આગામી સમયમાં મોટા ફેરફાર આવવાના છે ત્યારે પુર્ણેશ મોદીને શું રાષ્ટ્રીય સંગઠનમાં મહત્ત્વની જગ્યા ઉપર કામગીરી સોંપવામાં આવી શકે છે એમ પણ માનવામાં આવી રહ્યું છે

# સરકારી શાળામાં ટ્રાન્સપોર્ટેશન નહીં મળતા વિદ્યાર્થીઓને હાલાકી

અમદાવાદ, તા.૧

સરકારી શાળાના વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પૂરી પાડવા માટે ભલામણ કરવામાં આવી છે. સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા સરકારી સ્કૂલોના વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપવામાં આવે છે, પરંતુ રાજકોટની ગોઝારી ઘટના બાદ કોમર્શિયલ વાહનો સિવાય ટ્રાન્સપોર્ટેશનમાં ઉપયોગ થઈ શકતો ન હોવાથી હાલમાં વિદ્યાર્થીઓને ચાલીને સ્કૂલે જવાની ફરજ પડી રહી છે. જેથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સત્વરે સરકારી શાળામાં પરિવહનની વ્યવસ્થા કરવા માટે માંગ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા ધો.૧થી પાંચમા ૧.૫ કિલોમીટર દૂરથી અને ધો.૬થી ૮મા ૩ કિલોમીટર દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટશનની વ્યવસ્થા દર વર્ષે કરવામાં આવે છે. ચાલુ વર્ષે રાજકોટના ગેમ ઝોનમાં બનેલી ગોઝારી ઘટના બાદ રાજ્યમાં ફાયર સેફ્ટીને લઈને તપાસ શરૂ કરવામાં આવી હતી અને તેમાં સ્કૂલ વર્ધીના વાહનોમાં પણ ફાયર સેફ્ટીની સુવિધા સુનિશ્ચિત કરવા માટે આદેશ કરાયો હતો. રાજ્યની તમામ ઈ્ કચેરી દ્વારા ટ્રાન્સપોર્ટેશન સુવિધા માટે કોમર્શિયલ વાહનનો જ ઉપયોગ કરવા માટે સૂચના આપવામાં આવેલી છે. હાલ સમગ્ર રાજ્યમાં કોમર્શિયલ વાહનોની મંજૂરીમાં સમય લાગે તેમ હોવાનું જણાવી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સમગ્ર શિક્ષામાં સરકારી સ્કૂલોના ટ્રાન્સપોર્ટેશનને લઈને રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, કોમર્શિયલ વાહનની મંજૂરી માટે ખૂબ લાંબુ વેઈટિંગ હોવાથી કોમર્શિયલ વાહન સિવાય સમગ્ર શિક્ષા અભિયાનમાંથી બાળકો માટે પરિવહન વ્યવસ્થા હાલ પૂરતી થઈ શકે તેમ નથી. જેથીના પગલે વિદ્યાર્થીઓ આવા ધોમધખતા તાપમાં દફતરના ભાર સાથે પગપાળા ચાલીને ઘરેથી શાળાએ આવે છે અને શાળાથી ઘરે જાય છે. ઘણા વિદ્યાર્થીઓ પરિવહન વાહનના અભાવે સરકારી શાળા છોડી ખાનગી શાળામાં પ્રવેશ લઈ રહ્યા છે. પરિણામે આ વર્ષે સરકારી શાળામાં સંખ્યા ઘટવાની પ્રબળ સંભાવના રહેલી છે. જેથી સત્વરે સરકારી શાળામાં પરિવહન વ્યવસ્થા થાય એ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

# શા માટે UAE ભારતના સુપર રિચ માટે નવું આશ્રયસ્થાન છે?

## એક અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અંદાજે ૪૩૦૦ કરોડપતિઓ આ વર્ષે ભારત છોડશે અને તેમાંથી મોટાભાગના UAEમાં દુબઈ જવા રવાના થશે

નવી દિલ્હી, તા.૧

ભારતીય ડાયસ્પોરા વિશ્વભરના મોટાભાગના પ્રદેશોમાં હાજર છે કારણ કે, તેઓ વધુ સારી તકોની શોધમાં સ્થળાંતર કરે છે. તેમના માટે યુએસ, યુકે, ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા દેશો કેટલાક પસંદગીના દેશો છે. જો કે, આંતરરાષ્ટ્રીય રોકાણ સ્થળાંતર સલાહકાર ફર્મ હેનલી એન્ડ પાર્ટનર્સ દ્વારા એક અહેવાલ મુજબ અતિ શ્રીમંત લોકો માટે જવા માટે નવીનતમ પસંદગીનો દેશ સંયુક્ત અરબ અમીરાત (UAE) છે.

રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, આ વર્ષે અંદાજે ૪૩૦૦ કરોડપતિઓ ભારત છોડશે અને તેમાંથી મોટાભાગના UAEમાં દુબઈ જવા રવાના થશે. અહેવાલમાં જણાવાયું છે કે, 'ભારત મોટી સંખ્યામાં કરોડપતિઓને ગુમાવવાનું ચાલુ રાખે છે, ખાસ કરીને UAEને. જો કે, અમારા મતે આ આઉટફ્લો ખાસ કરીને ચિંતાજનક નથી કારણ કે, ભારત સ્થળાંતર માટે ગુમાવે છે તેના કરતા વધુ નવા HNWIs (high networth individuals) ઉત્પન્ન કરવાનું ચાલુ રાખે છે. વધુમાં મોટાભાગે કરોડપતિઓ જેઓ દેશ છોડી દે છે તેઓ ભારતમાં વ્યાપારી હિતો અને બીજા ઘરો જાળવી રાખવાનું વલણ ધરાવે છે, જે એક સકારાત્મક સંકેત છે.'



UAE ઓસ્ટ્રેલિયા, સિંગાપોર અને યુએસ જેવા સ્થળો કરતાં વધુ શ્રીમંત ભારતીયોને આકર્ષે છે, દુબઈના પ્રોપર્ટી માર્કેટે ગયા વર્ષે ભારતીય ખરીદદારો પાસેથી ૧૬ અબજ દિરહામ (રૂા.૩૫,૫૦૦ કરોડ)ની કમાણી કરી હતી, જે ૨૦૨૧ના આંકડા કરતાં લગભગ બમણી છે. મુખ્ય હિસ્સો જે ૪૦% ઘર ખરીદનારાઓ ભારતમાંથી આવે છે તે પૈકી મોટાભાગના દિલ્હીNCR, અમદાવાદ, સુરત, હૈદરાબાદ અને પંજાબના છે. બાકીના UAEમાં રહેતા ભારતીયો (૪૦%) અને વિશ્વના વિવિધ ભાગોમાં સ્થિત વૈશ્વિક ભારતીયો (૨૦%) હતા. વિદેશમાં કૌટુંબિક ઓફિસો સ્થાપવા માટે સમૃદ્ધ ભારતીયો દુબઈ, સિંગાપોર અને લંડન જેવા શહેરો તરફ નજર દોડાવી રહ્યા છે. યુવા પેઢીના સભ્યો, ખાસ કરીને જેઓએ વિદેશમાં અભ્યાસ કર્યો છે અથવા તાજેતરમાં જ પારિવારિક વ્યવસાયોમાં જોડાવા માટે વિદેશી કેમ્પસમાંથી પાછા ફર્યા છે, તેઓ વિદેશમાં ફેમિલી ઓફિસો સ્થાપવામાં વધુને વધુ રસ ધરાવે છે. વિવિધ સ્ટાર્ટઅપ્સના સ્થાપકો પણ તેમની કામગીરી વિદેશમાં ખસેડી રહ્યા છે અને ત્યાં ફેમિલી ઓફિસની સ્થાપના કરી રહ્યા છે. કેટલાક પરિબળો આ વલણને પ્રેરિત કરે છે. સૌપ્રથમ તેઓ ભારતમાં સંભવિત કર અથવા નિયમનકારી મુદ્દાઓથી તેમની સંપત્તિના ભાગને સુરક્ષિત રાખવા માંગે છે. બીજું, વિદેશમાં કૌટુંબિક કાર્યાલય હોવું વિદેશી બજારોમાં સરળ એક્સેસ પ્રદાન કરે છે અને અન્ય પ્રદેશોમાં વ્યવસાયના વિસ્તરણને સમર્થન આપે છે. ત્રીજે સ્થાને તે રોકાણો અને વ્યવસાયિક સાહસોના વૈવિધ્યકરણ માટે પરવાનગી આપે છે. સામાન્ય રીતે ફેમિલી ઓફિસ એ ખાનગી માલિકીની સંસ્થા છે જે અંદાજે ૧૦ કરોડ ડોલર (આશરે રૂા.૮૨૦ કરોડ)ની રોકાણ કરી શકાય તેવી સંપત્તિ ધરાવતા પરિવાર માટે રોકાણ અને સંપત્તિનું સંચાલન કરે છે.

**ગોલ્ડન વિઝા પ્રોગ્રામ :**

અતિ શ્રીમંત ઉપરાંત ઘણા વ્યાવસાયિકો હવે દુબઈને તેમના ગંતવ્ય સ્થાન તરીકે પસંદ કરી રહ્યા છે. વધુ કામદારો, કુશળ વ્યાવસાયિકો, વૈજ્ઞાનિકો અને સંશોધકોને સમાવવા માટે ૨૦૨૨માં વિસ્તરણ કરાયેલ ગોલ્ડન વિઝા પ્રોગ્રામ UAEને સમૃદ્ધ ભારતીયો માટે વધુ આકર્ષક બનાવ્યું છે. આ પ્રોગ્રામ લાંબાગાળાના નિવાસ વિઝા ઓફર કરે છે, જે વિદેશી પ્રતિભાઓને વિશિષ્ટ લાભો સાથે UAEમાં રહેવા, કામ કરવા અથવા અભ્યાસ કરવા સક્ષમ બનાવે છે. UAEની કોસ્મોપોલિટન સંસ્કૃતિ, ઉત્તમ નાગરિક સુવિધાઓ, ઉચ્ચ-ગુણવત્તાવાળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉચ્ચ જીવનધોરણ, ઉચ્ચ સ્તરનું શિક્ષણ, લક્ઝરી શોપિંગ, વિશ્વકક્ષાની આરોગ્યસંભાળ અને વિવિધ મનોરંજન વિકલ્પો આ પ્રદેશમાં ધનિકોને વધુ આકર્ષે છે.

**ટેક ઉદ્યોગ સાહસિકોનું UAE તરફ પ્રયાણ :**

વ્યવસાય શરૂ કરવાની સરળતા, વ્યક્તિગત આવકવેરામાંથી સંપૂર્ણ મુક્તિ અને વધુ સહાયક નીતિ વાતાવરણને કારણે ભારતના ઘણા ટેક સાહસિકો તેના ગોલ્ડન વિઝા પ્રોગ્રામ દ્વારા છઈમાં સ્થળાંતર કરી રહ્યા છે. આ બદલાવ એટલા માટે આવ્યો છે કે, ભારત યુએસ અને ચીનને બાદ કરતા વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે. દુબઈમાં ભારતીયો સ્ટાર્ટઅપ સમુદાયમાં ૩૦%થી વધુ હિસ્સો ધરાવે છે અને આ શહેર ભારતમાંથી વધુ ટેક ટેલેન્ટને આકર્ષવા આતુર છે. આ હાંસલ કરવા માટે દુબઈ ૧,૦૦,૦૦૦ ગોલ્ડન વિઝા ઓફર કરે છે, જે ઉદ્યોગ સાહસિકો અને તકનીકી રોકાણકારોને ૧૦ વર્ષ સુધી દેશમાં રહેવાની મંજૂરી આપે છે, જે પ્રમાણભૂત વિઝા કરતાં નોંધપાત્ર રીતે લાંબા છે. વધુમાં દુબઈએ સ્ટાર્ટઅપ્સને ભંડોળ મેળવવા, સ્થાપિત કંપનીઓ સાથે ભાગીદારી કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના ઉત્પાદનોનું માર્કેટિંગ કરવામાં મદદ માટે રાષ્ટ્રીય વ્યાપાર કાર્યક્રમની સ્થાપના કરી છે.

**UAEની વ્યવસાય-સાનુકૂળ નીતિઓ :**

તાજેતરમાં UAE તેની આર્થિક વ્યૂહરચના પરંપરાગત મોડલોથી દૂર કરી રહ્યું છે જે ખાસ કરીને તેલ સમૃદ્ધ પ્રદેશોમાં પ્રચલિત છે, જે રહેઠાણને રોજગાર સાથે જોડે છે. સરકારે લાંબાગાળાના 'ગોલ્ડન' વિઝા માટે યોગ્યતાના માપદંડને વિસ્તૃત કરવા અને કંપનીઓ માટે બહુમતી સ્થાનિક ભાગીદારની જરૂરિયાતને દૂર કરવા જેવા સુધારા રજૂ કર્યા છે. તેઓએ સોમવારથી શુક્રવારના કાર્યકારી સપ્તાહમાં પણ અપનાવ્યું છે અને અવિવાહિત યુગલોને સાથે રહેવા માટે કાયદેસર બનાવ્યા છે. આ ફેરફારોનો હેતુ દુબઈને ક્ષણિક આકર્ષણ ધરાવતા શહેરથી વિદેશીઓને આકર્ષે અને ટકાવી રાખે તેવા શહેરમાં પરિવર્તિત કરવાનો છે. પરિણામો આશાસ્પદ રહ્યા છે. અધિકારીઓએ બ્લૂમબર્ગને જાણ કરી હતી કે, દુબઈમાં સક્રિય બિઝનેસ લાઈસન્સનો વધારો જોવા મળ્યો હતો, જે ૨૦૨૩માં ૪,૧૧,૮૦૨ સુધી પહોંચ્યો હતો. આ ૨૦૨૨ની સરખામણીમાં ૩૦% અને ૨૦૨૧ના સ્તરેથી નોંધપાત્ર ૭૫% વધારો દર્શાવે છે. દુબઈ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સેન્ટરના જણાવ્યા અનુસાર ફ્રી ઝોનમાં રજિસ્ટર્ડ સંસ્થાઓની સંખ્યા ૨૦૨૩માં પાછલા વર્ષની સરખામણીમાં ૨૯% વધીને ૫૫૦૦ને વટાવી ગઈ છે. ફ્રી ઝોનમાં રોજગારમાં પણ વૃદ્ધિ જોવા મળી છે, જે લગભગ ૪૧,૯૦૦ લોકોને હવે ત્યાં રોજગારી આપે છે, જે ૧૫%નો વધારો દર્શાવે છે.

# ભાજપના ગઠબંધન ભાગીદારો સ્વતંત્રતાને અંકુશમાં લેતા નવા કાયદાઓ પસાર થતાં રોકી શકે છે પરંતુ જૂના પસાર કરેલા કાયદા લાગુ થઈ શકે છે

## કેટલીક સંસ્થાઓએ સરકારને આ વિવાદાસ્પદ કાયદાઓ પાછા ખેંચવા વિનંતી કરી છે અને કહ્યું છે કે, આ કાયદાઓ સમાચાર અહેવાલ અને વાણીની સ્વતંત્રતાને ગંભીર રીતે નુકસાન પહોંચાડે છે.

નવી દિલ્હી તા.૧

રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન સરકાર હેઠળનું પ્રથમ સંસદ સત્ર શરૂ થઈ રહ્યું છે. કેટલાક નિરીક્ષકોએ સૂચવ્યું છે કે, ગઠબંધન ભાગીદારો સાથે કામ કરવાની મજબૂરી ભારતીય જનતા પાર્ટીના બુલડોઝિંગ બિલ સામે રક્ષણ તરીકે કામ કરશે. ભાજપ લોકસભામાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે પણ તે બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયો છે અને શાસન કરવા માટે તેના ભાગીદારોની સર્વસંમતિને સુરક્ષિત કરવી પડશે. જો કે, તાજેતરના વર્ષોમાં ભાજપ સરકાર દ્વારા પસાર કરાયેલા ભાષણની સ્વતંત્રતા અને પ્રેસની સ્વતંત્રતા ઉપર હુમલો કરતાં કેટલાક વિવાદાસ્પદ કાયદાઓને રોકવા માટે તે અસરકારક સાબિત થશે નહીં. આ કાયદાઓમાં નવો પ્રેસ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ પીરીઓડિકલ એક્ટ છે, જે ચૂંટણી પહેલાં ૧ માર્ચે અમલમાં આવ્યો હતો. તે અખબારો અને સામયિકોની કામગીરી ઉપર વધુ મનસ્વી તપાસ માટે રાજ્યની સત્તાઓમાં વધારો કરવા માટે સમાચાર સંગઠનો દ્વારા આ કાયદાની ટીકા કરવામાં આવી છે. સરકાર ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) સુધારા નિયમો, ૨૦૨૩ સાથે પણ આગળ વધી રહી છે. આનાથી કેન્દ્ર સરકાર અને તેની કામગીરી વિશેની કોઈપણ માહિતીને 'બનાવટી અથવા ખોટા અથવા ભ્રામક' તરીકે લેબલ કરવાની સત્તા સાથે ફેક્ટ-ચેકિંગ બોડીની સ્થાપના કરવાની મંજૂરી આપે છે. માર્ચમાં સુપ્રીમ કોર્ટે ફેક્ટ-ચેકિંગ યુનિટની રચના કરતી કેન્દ્રની સૂચના ઉપર સ્ટે મૂક્યો હતો. તેણે નોંધ્યું હતું કે, નિયમોની કેટલીક જોગવાઈઓની બંધારણીય માન્યતાને બોમ્બે હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી અને અરજીઓના અંતિમ ઠરાવ સુધી તેનો અમલ અટકાવી દીધો હતો.

નિયમો અનુસાર આ સરકારને ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ, સોશિયલ મીડિયા કંપનીઓ અને સર્ચ એન્જિનોને તેને દૂર કરવા માટે આદેશ આપીને નકલી તરીકે ટેગ કરેલા સમાચારના કોઈપણ ભાગની એક્સેસને સંપૂર્ણપણે અવરોધિત કરવાની મંજૂરી આપે છે. આ નિષ્પક્ષ રિપોર્ટિંગને અવરોધે છે, મીડિયામાં સ્વ-સેન્સરશિપ તરફ દોરી જાય છે અને સમાચાર રિપોર્ટિંગ અને ભાષણને ગંભીર રીતે નુકસાન પહોંચાડે છે. ઓગસ્ટમાં સંસદે વિવાદાસ્પદ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ, ૨૦૨૩ પસાર કર્યું હતું. નવા કાયદા હેઠળના નિયમો ટોચની પ્રાથમિકતા છે અને ટૂંક સમયમાં પરામર્શ માટે બહાર પાડવામાં આવશે. જ્યારે આ કાયદો પસાર કરવામાં આવ્યો હતો, ત્યારે નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે, તે પત્રકારોને તેમના સ્ત્રોતો સરકારને જાહેર કરવા દબાણ કરી શકે છે અને સત્તાવાળાઓને કોઈપણ અયોગ્ય આધારો ઉપર સમાચાર વાર્તાઓને સેન્સર કરવા સત્તા આપી શકે છે. આ કાયદો કહે છે કે, જો પત્રકાર અથવા સમાચાર સંસ્થાને ઓછામાં ઓછા બે અગાઉના પ્રસંગોએ ડેટા વિશ્વાસપાત્ર તરીકેની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ નાણાકીય દંડ કરવામાં આવ્યો હોય તો સરકાર પત્રકાર અથવા સમાચાર સંસ્થાની સામગ્રીને જાહેર એક્સેસથી અવરોધિત કરી શકે છે. વિવાદનો બીજો મુદ્દો ટેલિકોમ્યુનિકેશન એક્ટ ૨૦૨૩ છે, જે ડિસેમ્બરમાં પસાર થયો હતો. આ કાયદો ભારતમાં ટેલિકોમ્યુનિકેશન સેવાઓ અને નેટવર્કને નિયંત્રિત કરે છે. તેણે ચિંતા પેદા કરી છે, ખાસ કરીને કેન્દ્ર સરકારની વિસ્તૃત સત્તાઓ અને ઈન્ટરનેટ સ્વતંત્રતા ઉપર તેની સંભવિત પ્રતિકૂળ અસર અંગે





ડિજિટલ અને મીડિયા અધિકારોના નિષ્ણાતો કહે છે કે, નવો કાયદો કોઈપણ સલામતી વિના ટેલિકોમ સેવાઓ ઉપર વસાહતી યુગની દેખરેખ અને નિયંત્રણ મૂકે છે.

ટીકાકારોએ એવી પણ દલીલ કરી હતી કે, આ કાયદો ઈન્ટરનેટ શટડાઉન જેવી બાબતો સહિત સરકારની સત્તાઓ ઉપર કોઈ રોક લગાવતું નથી. આ કાયદો મંગળવારે આંશિક રીતે અમલમાં આવશે અને ટેલિકોમ વિભાગનું ધ્યાન આગામી ત્રણ મહિનામાં બાકીના નિયમોને સૂચિત કરવા ઉપર રહેશે. આ કાયદાઓ લાગુ કરવા ઉપરાંત કેન્દ્ર નવા બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ રેગ્યુલેશન બિલ સાથે સંસદમાં આગળ વધે તેવી અપેક્ષા છે, જે ભારતના પ્રસારણ ક્ષેત્ર માટે એકીકૃત કાનૂની માળખું બનાવવાનો પ્રયાસ કરે છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, નિયમનકારી દાયરામાં વ્યક્તિઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા ડિજિટલ સમાચારના ડ્રાફ્ટ બિલમાં સમાવેશ ઓનલાઈન મુક્ત ભાષણ અને પત્રકારત્વની અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે ચિંતા છે. આ બિલ સરકારને નેટફ્લિક્સ જેવા ઓવર-ધ-ટોપ કન્ટેન્ટ પ્લેટફોર્મ્સ દ્વારા પ્રસારિત સામગ્રીને સેન્સર કરવા માટે સત્તા પણ આપે છે. તદુપરાંત, તે સ્વતંત્ર યુટ્યુબ પત્રકારો, સમાચાર વિશ્લેષકો અને ડિજિટલ સમાચાર વેબસાઈટ્સ આ વ્યાખ્યાના દાયરામાં આવશે. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સ આને સરકાર દ્વારા ધ્રુવ રાઠી જેવા સ્વતંત્ર યુટ્યુબર્સ અને રવીશકુમાર જેવી પત્રકાર દ્વારા સંચાલિત ચેનલોને નિયંત્રિત કરવાના પ્રયાસ તરીકે જુએ છે. ૨૮મી મેના રોજ ભારતીય સમાચાર સંગઠનો અને ડિજિટલ અધિકાર સંગઠનોએ સરકારને આમાંથી કેટલાક કાયદાઓ પાછા ખેંચવા વિનંતી કરતો ઠરાવ પસાર કર્યો હતો, જેમનું કહેવું હતું કે, આ કાયદો પ્રેસની સ્વતંત્રતા ઉપર અંકુશ લાવશે.

# વન વિભાગ દ્વારા શહિદ શક્તિસિંહ વિસાણાના ધર્મપત્ની નયનાબેન વય નિવૃત્ત થતા સાથી કર્મચારીઓ દ્વારા અપાયો ભાવસભર વિદાયમાન

## ફરજ કાજે યુવાન વયે શહાદત વહોરનાર અમર શહિદ શક્તિસિંહ વિસાણાની અનોખી શૌર્ય ગાથા





જૂનાગઢ, તા.૧

જૂનાગઢ ખાતે જન્મ લેનાર અમર શહિદ શક્તિસિંહ વિસાણા કે જેઓ અભ્યાસમાં તો ખૂબ તેજસ્વી હતા જ સાથે-સાથે રમતગમતમાં પણ અવ્વલ હતા અને રમત ગમતમાં અગણિત ઈનામોનું બહુમાન મેળવી પોતાના અનામે અંકિત કરેલ હતું, આવા તેજસ્વી અને ઓજસ્વી શક્તિસિંહ વિસાણા ગુજરાત વન સેવા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર તરીકે જોડાયા હતા. ૧૯૮૮ માં ગીર સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. એ સમયે ગીર સહિત આસપાસના લોકોનો નિભાવ કરવા માટે સરકારે ગીરમાં રાહત કામગીરી ની શરૂઆત કરી હતી. આ રાહત કામમાં રોકાયેલા મજૂરોને રોજી ચૂકવવાની કામગીરી આર.એફ.ઓ સહિત ફરજ બજાવતા અને ગીરમાં આવેલા સિંહ સદન ગેસ્ટ હાઉસના મેનેજરની જવાબદારી સંભાળતા શક્તિસિંહ વિસાણાના શિરે હતી. માનવીય અભિગમ અને માયાળુ સ્વભાવ ધરાવતા શક્તિસિંહે ખુબ લોક ચાહના ઊભી કરી હતી. આ સમયગાળા દરમ્યાન ગીરમાં એક બીટગાર્ડ તરીકે ફરજ બજાવતા ફોરેસ્ટ ગાર્ડને ગેરકાયદેસર રીતે લાકડું કાપતા ઈસમો નજરે પડતા તે ઈસમો દ્વારા ફરજ પરના ફોરેસ્ટ ગાર્ડ ઉપર હુમલો કરવામાં આવેલ. જેમાં ફોરેસ્ટ ગાર્ડ દ્વારા સ્વબચાવમાં રાયફલમાંથી ફાયરિંગ થતાં એક ઈસમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે ત્યાંના લોકોની વસ્તીમાં રોષ ફાટી નીકળ્યો હતો અને લોકોના ટોળે-ટોળા એકત્રિત થવા લાગ્યા હતા. બદલો લેવા માટે લોકો અધીરા બન્યા હતા અને સાસણ વન વિભાગ હસ્તકના ક્વાર્ટર માં વસવાટ કરતાં ફોરેસ્ટ ગાર્ડનના પરિવારને જાનથી મારી નાખવાના ઈરાદે આગળ વધ્યા હતા. ગીર ફોરેસ્ટ એરિયામાં બનેલી ફાયરિંગની ઘટનાને પગલે અશોકકુમાર શર્મા, નાયબ વન સંરક્ષકશ્રી સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો સાસણ ખાતે સ્થળ તપાસની કાર્યવાહી માટે સાસણ ખાતે ગયેલા હતા. જે દરમિયાન ટોળાંઓ દ્વારા અશોકકુમાર શર્મા ભા.વ.સે. ઉપર હુમલો થવાની જાણ થતાં આર.એફ.ઓ. શક્તિસિંહ સામતસિંહ વિસાણા પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. પોતાની ફરજ કે જવાબદારી ન હોવા છતાં પોતે સહ કર્મચારીઓ મુશ્કેલીમાં હોય ઘટનાસ્થળ ઉપર દોડી ગયેલા હતા. ટોળું હત્યાનો બદલો લેવા અધિરુ બન્યું હોય એમ મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા. શર્મા સહિતના અધિકારીઓ જેવા ઘટના સ્થળે પહોંચતા ની સાથે જ લોકોએ હથિયારો સાથે ટોળામાં હુમલો કરતા પરિસ્થિતિ તંગ બની ગઈ હતી. શક્તિસિંહ વિસાણા જેવા ઘટના સ્થળે પહોંચ્યા એ જ સમયે હાથમાં છરી સાથે દોડી આવેલા એક ઈસમે અધિકારી પર હુમલો કરીને ઘાયલ કરી દીધા. શક્તિસિંહ આ ઘટના નિહાળતા ની સાથે અધિકારીને બચાવવા દોટ મૂકી હતી ને આડે પડીને બચાવ કરતા એક વ્યક્તિના હાથેથી લાગેલો ચાકુનો જીવલેણ ઘા સીધો જ શક્તિસિંહ વિસાણાની છાતીમાં લાગતા ત્યાં જ ઢળી પડ્યા હતા. જે કામદારોને દુષ્કાળના સમયે ચાલી રહેલી રાહત કામદારીમાં રોજગારી ચૂકવતા હતા એ જ શક્તિસિંહને પોતાના હાથે ઘાયલ થયેલા જોઈને તે લોકો પણ હદપ્રભ બની ગયા હતા અને તેઓ એ સારવાર માટે વાહનમાં બેસાડ્યા હતા. કારણકે મજૂરોમાં શક્તિસિંહ ખૂબ લોકપ્રિય હતા. હુમલામાં ઘાયલ થયેલા ફોરેસ્ટ અધિકારી શ્રી શર્માનો સદનશીબે સારવાર મળતા બચાવ થયો હતો. પરંતુ શક્તિસિંહ વિસાણાને છાતિના ભાગે ચાકુનો ઘા લાગેલો હતો તેમનો કમનસીબે બચાવ ન થતા શક્તિસિંહ શહાદત વહોરી હતી.

અમર શહીદ શક્તિસિંહ સામતસિંહ વિસાણાની શહાદતની યાદમાં ગીર પરિવાર દ્વારા અમર શહીદ શક્તિસિંહ વિસાણાની સ્મૃતિમાં રચાયેલું વિસાણા મેમોરિયલ ફાઉન્ડેશનની સન ૧૯૯૦ માં રચના કરવામાં આવેલ છે. જે હાલ સાસણ ગીર ખાતે કાર્યરત છે. તેમજ સમગ્ર દેશમાં સીમાચીનહ રૂપ છે. આ શહાદતને ધ્યાને લઈ વન વિભાગ તથા ભારત સરકાર દ્વારા અમર શહીદ શક્તિસિંહ વિસાણાને સન ૧૯૮૯ના વર્ષે મરણોપરાંત વન સેવા ચંદ્રક તથા કીર્તિચક્ર એનાયત કરવામાં આવેલ છે.

શહીદ શક્તિ શ્રી શક્તિસિંહ વિસાણાના મૃત્યુ બાદ તેમના પરિવારની આજીવિકા માટે સરકારશ્રીના જે તે સમયના ઠરાવની જોગવાઈ મુજબ તેમના ધર્મપત્ની શ્રીમતી નયનાબેન શક્તિસિંહ વિસાણાને ગુજરાત વન વિભાગમાં વહીવટી કર્મચારી તરીકે નિમણૂંક આપવામાં આવી હતી. તેમજ તેણીએ તેઓના કાર્યકાળ દરમિયાન વન વિભાગમાં ખૂબ જ ખંત અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરી હતી. આવતી કાલે તા.૩૦-૦૬-૨૦૨૪ના રોજ તેઓ વય નિવૃત્તિ થતા હોય વન વિભાગના ગીર પરિવાર દ્વારા તેઓનો સત્કાર કાર્યક્રમ અમરશહીદ શ્રી શક્તિસિંહ વિસાણાની બહાદુરીને હૃદયપૂર્વક યાદ કરીને નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમર સહિતના અધિકારીઓ કર્મચારીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો.તેમજ તમામ ગીર પરિવાર દ્વારા શ્રીમતી નયનાબેન વિશાળાનું નિવૃત જીવન સુખ સભર અને નિરામય નિવડે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# જૂનાગઢ મહાનગરની જનતા હવે સાંભળશે કોર્પોરેટરના મનની વાત

## વોર્ડ નં.૫ ના કોર્પોરેટરોને મતદારોએ લખ્યો ખુલ્લો પત્ર

જૂનાગઢ, તા.૧

જૂનાગઢના વોર્ડ નં. ૫ ના કોર્પોરેટરોને આ વિસ્તારના મતદારોએ એક ખુલ્લા પત્ર દ્વારા આ વિસ્તારના પ્રશ્નો ઉકેલવા રજુઆત કરી કોર્પોરેટરોને એમના મનની વાત જણાવવા આહવાન કરેલ છે. વોર્ડ નં. ૫ના મતદારોએ ખુલ્લા પત્રમાં જણાવેલ છે કે, આદરણીય કોર્પોરેટર રાકેશભાઈ ધુલેશિયા, જયેશભાઈ ધોરાજીયા, શિલ્પાબેન જોષી, શ્રીમતી ભારતીબેન ત્રાંબડિયા વોર્ડ નંબર.૫ જૂનાગઢ. આપના જ વોર્ડના અવિભાજ્ય અંગ એવો મીરાનગર વિસ્તારમાં રસ્તાની હાલત ખુબ ખરાબ છે. આ અંગે તમો વાકેફ જ હશો હાલ આ વિસ્તારમાં ચાલતા પણ નીકળી શકાય તેમ નથી. આ બાબતની ગંભીરતા સમજી જરૂરી ફરીયાદ નોંધાવી યોગ્ય કરશો. આ વિસ્તારમાં રહેતા લોકોની સમસ્યાને વાચા આપવી એ ચુટાંયેલા સદસ્ય તરીકે આપની ફરજ છે. આશા રાખીએ કે આ ફરજ પ્રત્યે આપશ્રી સભાનતા સાથે જરૂર ફરજ નિભાવશો. આમ છતાં પણ જો આ વિસ્તારમાં આપ કોઈપણ પ્રકારની કામગીરી કરવાની ઈચ્છા ધરાવતા જ ના હોવ તો પણ મતદારોને આપના મનની વાત જરૂર જણાવશો, તેમ અંતમાં જણાવેલ છે.

# સોમનાથ મંદિરનો 3D લાઈટ એન્ડ સાઉન્ડ શો ચોમાસા દરમ્યાન બંધ રહેશે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા આજથી મંદિરના પરિસરમાં યોજાતો "3D લાઈટ એન્ડ સાઉન્ડ શો" ચોમાસા દરમ્યાન બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સોમનાથ મંદિરના ભવ્ય ઈતિહાસને ઉજાગર કરતો લાઈટ એન્ડ સાઉન્ડ શો ભક્તોમાં ખૂબ જ લોકપ્રિય છે. અને દરરોજ હજારો દર્શકો આ શો નિહાળવા સોમનાથ પહોંચે છે. ત્યારે ઓપન એર પેવેલિયનમાં મંદિર પર યોજાતા આ શો ને વર્ષાઋતુ દરમ્યાન પ્રતિવર્ષ યાત્રીઓ અને સાધનોની સુરક્ષાને ધ્યાનમાં લઈને બંધ રાખવામાં આવે છે. જે અનુસાર ચાલુ વર્ષે પણ સોમનાથમાં વરસાદની શરૂઆત થતાં જ લાઈટ એન્ડ સાઉન્ડ શો વર્ષાઋતુની પૂર્ણતા સુધી બંધ રાખવાની ટ્રસ્ટ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. ભક્તોમાં પ્રિય એવો લાઈટ એન્ડ સાઉન્ડ શો ચોમાસા પછી ફરી શરૂ કરવામાં આવશે.

# વેરાવળમાં એનડીઆરએફની ટીમએ જાલેશ્વર, ભીડિયા, ખારવાવાડ વગેરે સ્થળોની રૂબરૂ મુલાકાત લઈને નિરીક્ષણ કર્યુ

## આફત સમયે ત્વરિત પગલા લઈ શકાય તે અંગે સ્થાનીક લોકોને જાગૃત કર્યા





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧

ગીર સોમનાથ જિલ્લામાં ચોમાસા દરમિયાન સંભવિત ભારે વરસાદ, પુરપ્રકોપ સહિતની કુદરતી આફતોને પહોંચી વળવા માટે એનડીઆરએફ બટાલીયન કમાંડર વી.વી.એન પ્રસન્નાકુમારનાં માર્ગદર્શન હેઠળ એનડીઆરએફની ૩૦ જવાનો સાથેની ટીમને સાઈકલોન સેન્ટર ભાલપરા ખાતે તૈનાત કરવામાં આવી છે.

એનડીઆરએફ ટીમના ઈન્સ્પેકટર કૈલાશ બાથમે જણાવ્યું હતું કે, કોઈપણ કુદરતી આફત સમયે એનડીઆરએફના જવાનો બચાવ અને રાહત માટે સજ્જ હોય છે. અત્યારે ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે વેરાવળ સોમનાથ શહેરના પાણી ભરાતા વિસ્તારો જેવા કે, જાલેશ્વર, ભીડિયા, ખારવાવાડ વગેરે સ્થળોની એનડીઆરએફની ટીમએ રૂબરૂ મુલાકાત લઈને નિરીક્ષણ કરી સ્થાનીક લોકોને જાગૃત કર્યા હતા. જેથી આફત સમયે ત્વરિત પગલા લઈ શકાય. આ સાથે પ્રાંત અધિકારી વિનોદભાઈ જોશી સહિત વહીવટીતંત્રના સ્ટાફ સાથે સાથે રેસ્ક્યૂ કરવાની સ્થિતિનું નિર્માણ થાય એવા લો લાઈન એરીયાની પ્રત્યક્ષ સ્થળ મુલાકાત લીધી હતી. શહેરના જાલેશ્વર, ખારવાવાડ, ભીડિયા સહિતના સ્થાનિક લોકો સાથે સંવાદ કરીને કોઈ પણ મુશ્કેલીના સમયમાં બચાવ કરવા માટે કેવા પગલાઓ ભરવા જોઈએ તેમજ વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું સત્વરે પાલન કરવું જેવી જાણકારી સહિતનું માર્ગદર્શન આપ્યું હતું.

# કેડી હોસ્પિટલે ગુજરાતની પ્રથમ નર્સિંગ સિમ્યુલેશન લેબ શરૂ કરી છે, જે એઆર-વીઆર ટેકનોલોજી સાથે સંકલિત છે




અમદાવાદ, તા.૧

KD હોસ્પિટલે KD-SAIL (KD સિમ્યુલેશન એકેડેમી ફોર ઈમર્સિવ લર્નિંગ), ગુજરાતની પ્રથમ અદ્યતન નર્સિંગ સિમ્યુલેશન લેબનું અનાવરણ કર્યું જેમાં ઓગમેન્ટેડ રિયાલિટી (AR) અને વર્ચ્યુઅલ રિયાલિટી (VR) ટેક્નોલોજીનો સમાવેશ થાય છે. આ ગ્રાઉન્ડબ્રેકિંગ પહેલ સૈદ્ધાંતિક જ્ઞાન અને વાસ્તવિક-વિશ્વ એપ્લિકેશન વચ્ચેના અંતરને દૂર કરવા માટે ઈમર્સિવ, જોખમ-મુક્ત તાલીમ વાતાવરણ પ્રદાન કરીને નર્સિંગ શિક્ષણમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે.

સિમ્યુલેશન તાલીમનો ઉપયોગ સૌ પ્રથમ ઉડ્ડયન ક્ષેત્રમાં કરવામાં આવ્યો હતો. આ તાલીમ વાસ્તવિક દુનિયાના જોખમો વિના સાચા પ્રશિક્ષણ દૃશ્યો પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. અને હવે તબીબી અને નર્સિંગ શિક્ષણમાં સિમ્યુલેશન તાલીમ વધુને વધુ આવશ્યક બની ગઈ છે. KD-SAILની સિમ્યુલેશન લેબ વિદ્યાર્થીઓને પ્રેક્ટિસ મેળવવા, ભૂલોમાંથી શીખવા અને દર્દીઓને જોખમમાં મૂક્યા વિના આવશ્યક કુશળતા પ્રદાન કરી સક્ષમ બનાવે છે. લેબમાં છઈ ઝોન ઈન્ટરેક્ટિવ માનવ શરીર રચનાની તાલીમ આપશે અને વિદ્યાર્થીઓને માનવ શરીરની જટિલતાઓની ઊંડી સમજ પૂરી પાડશે. VR ઝોન વિદ્યાર્થીઓને ઈમર્સિવ વાતાવરણમાં ક્લિનિકલ પ્રેક્ટિસ કરવા અને વાસ્તવિક-વિશ્વ આરોગ્યસંભાળ વાતાવરણના પડકારોની ટ્રેનિંગ આપી સક્ષમ બનાવશે.

KD-SAIL હાઈ-ફિડેલિટી મેનેક્વિન્સ અને ટાસ્ક ટ્રેનર્સથી સજ્જ છે જે ICU, PICUs અને લેબર રૂમ જેવા જટિલ સારવારના વાતાવરણનું અનુકરણ કરે છે. આ અદ્યતન સાધનો વિદ્યાર્થીઓને ઈમર્જન્સીમાં પ્રતિસાદ, દવા આપવી અને દર્દીની દેખરેખ સહિત આવશ્યક પ્રક્રિયાઓમાં તેમની નિપુણતા વધારે છે.

KD ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ સાયન્સ અને ભારતીય નર્સિંગ કાઉન્સિલના સહયોગથી સમગ્ર પશ્ચિમ ભારતમાં નર્સોને તાલીમ અને શિક્ષિત કરવા માટે KD-SAILનો લાભ ઉઠાવી શકાશે. આ ભાગીદારી સુનિશ્ચિત કરે છે કે આ વિસ્તારમાં નર્સિંગ શિક્ષણ આરોગ્યસંભાળ ટેકનોલોજી અને શિક્ષણ પદ્ધતિઓમાં નવીનતમ પ્રગતિઓ સાથે અદ્યતન રહે. આ માટે KD હોસ્પિટલે અગ્રણી સંસ્થાઓ જેમ કે Laerdal (Norway), Medisim (ભારત), અને Gig XR (ઓસ્ટ્રેલિયા) સાથે ભાગીદારી કરી છે, જે અત્યાધુનિક તકનીકી સહાય અને સંસાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. સિમ્યુલેશન લેબના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ડો.રાઘવેન્દ્ર દીક્ષિત, અધિક નિયામક (ME), ગુજરાત તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ઉપસ્થિત રહ્યા હતા. એમની સાથે ડો.એમ. એમ. પ્રભાકર, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના પ્રમુખ, ગુજરાત નર્સીંગ કાઉન્સીલના રજીસ્ટ્રાર ડો. પ્રગના ડાભી, KD હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર ડો.અદિત દેસાઈ, કેડી હોસ્પિટલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડો.અનુજા દેસાઈ અને કેડી હોસ્પિટલના સીઓઓ ડો.પાર્થ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# સેવાભાવી સંસ્થાઓ બ્લડ ડોનેશન કેમ્પ સિવિલ હોસ્પિટલ સાથે ઓર્ગેનાઈઝ કરવા તેમજ રક્તદાતાઓને રક્તદાન કરવા અનુરોધ

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં લોહીની અછત ઊભી થઈ છે ત્યારે સેવાભાવી સંસ્થાઓ બ્લડ ડોનેશન કેમ્પ સિવિલ હોસ્પિટલ સાથે ઓર્ગેનાઈઝ કરવા તેમજ રક્તદાતાઓને રક્તદાન કરવાનો અનુરોધ કરાયો છે. ઉનાળાના સમયમાં દર્દીની જરૂરીયાત સામે સ્વૈચ્છીક રક્તદાતાઓ ઓછા આવે છે. પુરતો જથ્થો હોઈ ત્યારે રિપ્લેસમેન્ટ વિના દર્દીને બ્લડ આપવામાં આવે છે. પરંતુ જથ્થા સાવ ઓછા પ્રમાણમાં હોઈ ત્યારે ઘણી અગવડતા પડે છે. ઉનાળાની સિઝનમાં ગરમીના કારણે રક્તદાન કેમ્પ ઘણા ઓછા થાય છે. તેમજ અત્યારે ગામડા વિસ્તારમાં ખેતીનુ કામ ચાલુ થઈ ગયું હોવાથી રક્તદાન કેમ્પ થઈ શકતા નથી. આ પરિસ્થિતિમાં લાકોને આ મામલે જાગૃતિ લાવી વધુને વધુ રક્તદાન કરવું જાઈએ તેમજ સેવાભાવી કે સામાજિક સંસ્થાઓ બ્લડ ડોનેશન કેમ્પ કરે તેમ તબીબ અધિક્ષક જી.એમ. ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વેરાવળમાં ટેનામેન્ટ મકાનમાં મંજુરી વગર ચાલતી શાળાને સીલ કરવામાં આવી

## ગેરકાયદેસર ચાલતી શાળામાં ૨૫૦ બાળકો અભ્યાસ કરી રહયા હતા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧

વેરાવળમાં એક રહેણાંક વિસ્તારમાં ટેનામેન્ટ મકાનમાં કોઈપણ જાતની મંજુરી વગર ચાલતી શાળા મળી આવતા અધિકારીઓ ચોકી ઉઠયા હતા અને તાબડતોબ શાળાને સીલ મારી દેવામાં આવ્યું હતુ. તો શહેરમાંથી ગણતરીના દિવસોમાં જ ઉપરા છાપરી ગેરકાયદેસર ચાલતી બે શાળાઓ મળી આવતા શિક્ષણ ક્ષેત્રે કેવી લાલીયાવાળી ચાલી રહી હશે તેને લઈ લોકોમાં અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે.

રાજકોટની ઘટના બાદ ગીર સોમનાથ જીલ્લામાં પણ તંત્રએ ફાયર સેફટીને લઈને વ્યાપક રીતે ચેકીંગ હાથ ધર્યુ છે. જેમાં શહેરમાં ગેરકાયદેસર ચાલતી વધુ એક શાળાઓ મળી આવી છે. જે અંગે માહિતી આપતા ટીપીઓ હડીયાના જણાવ્યા મુજબ વેરાવળમાં રેલવે ફાટક પછી સોમનાથ ટોકીઝ વિસ્તારમાં મસ્જીદ પાસે એક રહેણાંક વિસ્તારમાં ટેનામેન્ટ મકાનમાં યુનિક પ્રાયમરી સ્કૂલ ચાલી રહી હતી. જ્યાં ફાયર સેફટી ચેકીંગ અર્થે શિક્ષણ વિભાગની ટીમ પહોંચેલ ત્યારે શાળા પાસે સ્કુલ ચલાવવા અંગેની પણ કોઈપણ જાતની મંજુરી ન હતી. આ શાળામાં ચાલતા જુદા જુદા વર્ગોમાં ૨૫૦ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા હોવાનું જાણવા મળેલ હતુ. આ શાળાના સંચાલકો પાસે કોઈપણ જાતની મંજૂરી ન હોવાથી શાળાના બિલ્ડીંગને ચેક કરવામાં આવી હતી. આ શાળામાં અભ્યાસ કરતા બાળકોને આસપાસની શાળાઓમાં ટ્રાન્સફર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, શહેરમાં ગેરકાયદેસર રીતે ચાલતી બે શાળાઓ મળી આવતા સ્થાનીક સ્તરે શિક્ષણ વિભાગમાં લાલીયાવારી ચાલી રહ્યાની લોકોમાં ચર્ચાઓ થઈ રહી છે. ત્યાં ગેરકાયદેસર શાળાઓ શોધવા માટે સમગ્ર જીલ્લામાં વ્યાપકપણે ચેકીંગ હાથ ધરવામાં આવશે તો ઘણી બધી ગેરકાયદેસર ચાલતી શાળાઓ મળી આવશે તેવું લોકોમાં ચર્ચાય રહ્યુ છે.

# ભેંસાણ માર્કેટીંગ યાર્ડ દ્વારા મૃતક ખેડૂતોના સ્વજનોને સહાય અર્પણ




(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ, તા.૧

ભેંસાણ તાલુકાના ગળથ ગામના ખેડૂત વિનુભાઈ ડોબરીયા અને ભેંસાણ ગામના ખેડૂત શામજીભાઈ ભેસાણીયોનું અકસ્માતે મૃત્યુ થતા તેમના પરિવારને માર્કેટિંગ યાર્ડ દ્વારા રૂપિયા ૫૦-૫૦ હજારની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે માર્કેટિંગ યાર્ડના ચેરમેન વજુભાઈ મોવલીયા, દિનેશભાઈ ભુવા નટુભાઈ પોકીયા, બાબુભાઈ જોધાણી અને સેક્રેટરી એસ.પી કુબાવત સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢનાં નરસિંહ મહેતા તળાવમાં વરસાદી પાણી ઘુસ્યા : રૂા. ૬૦ કરોડનો વિકાસ પાણીમાં તણાય જશે ?



જૂનાગઢ તા. ૧

જૂનાગઢનાં ડ્રીમ પ્રોજેકટ ગણાતાં નરસિંહ મહેતા સરોવરનું રૂા. ૬૦ કરોડનાં ખર્ચે નવનિર્માણ કરવામાં આવી રહયું છે. અને ચોમાસા પહેલા રક્ષણાત્મક કાર્યવાહી થઈ જવી જરૂરી હતી. પરંતુ જેની ભીતી હતી તે જ વસ્તુ બની છે. કાળવા નદીનાં ઘસમસતા પુરનાં પાણી તેમજ વરસાદી પાણી નરસિંહ મહેતા સરોવરમાં ઘુસી ગયા છે. અને રૂા. ૬૦ કરોડનાં ખર્ચે કરવામાં આવી રહેલો વિકાસ પાણીમાં તણાઈ જવાનાં સંજોગો ઉભા થયા છે. હજુ ગત અઠવાડીએ જ જૂનાગઢ મનપાનાં અધિકારીઓ અને ભાજપનાં શાસકો-પદાધિકારીઓએ નરસિંહ મહેતા સરોવરની મુલાકાત લીધી હતી. આ વર્ષે કામ પુરૂ નહીં જ થાય તે નકકી મનાતું હતું. પરંતુ જેટલું નવનિર્માણ કરવામાં આવ્યું છે તે સલામત રહે અને વરસાદી પાણીમાં ધોવાણ ન થાય તે જરૂરી હતું. પરંતુ ફરી એકવાર જૂનાગઢ મનપાનું તંત્ર અને નિર્માણ કરી રહેલ એજન્સી નિષ્ફળ પુરવાર થઈ હતી. અને નિર્ધારીત સમય પહેલાં જ તળાવમાં પાણી ઘુસી જતાં રૂા. ૬૦ કરોડનાં વિકાસ પાણીમાં તણાઈ ગયો હોવાનું લોકોમાં ચર્ચાઈ રહયું છે. વરસાદ પહેલાં સાવચેતી પ્રકારની કામગીરી તેમજ વરસાદનાં અને પુરના પાણીને અટકાવવાની તેમજ તેના નિકાલની યોગ્ય વ્યવસ્થા થવી જરૂરી હતી. પરંતુ તેમ થયું નથી. અને ફરી એકવાર વિકાસનાં નામે વિનાશની સ્થિતિ સર્જાઈ રહી હોવાનું ચિત્ર ઉપસી રહયું છે.

## ભાજપ સરકાર હાય હાય, મનપા હાય હાય, ધારાસભ્ય હાય હાય, કોર્પોરેટર હાય હાય

# જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર મહિલાઓ રણચંડી બની : ૬ કલાક સુધી ચકકાજામ કર્યો





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧

જૂનાગઢ શહેરમાં માત્ર ત્રણ ઈંચ વરસાદ ખાબકતાની સાથે જ શહેરનાં મોટાભાગનાં વિસ્તારો-સોસાયટીઓના રોડ રસ્તા ઉપર કાદવ કીચડનું સામ્રાજય જોવા મળીરહયું છે. શહેરનો એકપણ માર્ગ નથી કે જે ચાલવા લાયક હોય. વરસાદ પહેલાથી જ આ મામલે અખબારોએ અહેવાલ દ્વારા તેમજ લોકોએ રજુઆતો દ્વારા મનપાનાં તંત્રને તાકીદે કામગીરી પૂર્ણ કરવા અનેક ચેતવણીઓ આપી હોવા છતાં મનપાનું તંત્ર હંમેશની ટેવ મુજબ ઉંઘતું જ રહયું હતું. જેનાં પરીણામે વરસાદનાં પ્રથમ રાઉન્ડમાં જ શહેરનાં માર્ગો પર કાદવ-કીચડ જોવા મળી રહયો છે. અને એકપણ માર્ગ ચાલી શકાય તેવી સ્થિતિ નથી. ત્યારે ગઈકાલે રવિવારે ઝાંઝરડા રોડ ઉપરની જીવનધારા, ક્રિષ્ના પાર્ક, શ્રીનાથજી સોસાયટી, નીલધારા, યશોદાનગર તેમજ અન્ય સોસાયટીની મહિલાઓએ ઝાંઝરડા રોડ ચક્કાજામ કર્યો હતો. ઝાંઝરડા રોડ ઉપર આવેલી સોસાયટીઓના રહીશ કાદવ-કીચડ અને ખરાબ માર્ગોને કારણે હેરાન પરેશાન થઈ રહ્યા છે. વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નિરાકરણ કરવામાં આવતું નથી. ઝાંઝરડા રોડ ઉપર ચક્કાજામ થતા મહાનગરપાલિકાના વોટર શાખાના અધિકારી અલ્પેશ ચાવડા સોસાયટીઓની મુલાકાતે પહોંચ્યા હતા ત્યારે અહીંના સ્થાનિકોએ તેમને ખરાબ રોડ રસ્તાથી વાકેફ કરવા કાદવ-કીચડ વાળા રસ્તે ચલાવી પરિસ્થિતિ બતાવી હતી. તો બીજી તરફ ખરાબ રોડ રસ્તા અને કાદવ-કિચડના લીધે સ્થાનિકો ત્રાહિમામ પોકારી ગયા છે. જેને લઈ જૂનાગઢ ઝાંઝરડા રોડ ઉપર મહિલાઓએ ચક્કાજામ કર્યો હતો. ઝાંઝરડા રોડ ઉપર ચક્કાજામ થતા ટ્રાફીકના દ્રશ્યો સર્જાયા હતા ત્યારે જૂનાગઢ પોલીસ દ્વારા ટ્રાફિકની સમસ્યા હલ કરાવવા કામગીરી હાથ ધરાઈ હતી. મહિલાઓએ જણાવ્યું હતું કે, જ્યારે ચૂંટણીનો સમય આવે છે ત્યારે મત માંગવા માટે આવી જાય છે અને પછી અહીં કોઈ લોકોની પરિસ્થિતિ જોવા આવતું જ નથી. જૂનાગઢ શહેરમાં છેલ્લા પાંચ વર્ષ વર્ષમાં ૧૫૬૦ કરોડના વિકાસના કામો માટે ગ્રાન્ટ આવી હોવાના દાવાઓ કરવામાં આવી રહ્યા રહ્યા છે. ત્યારે આગામી થોડા દિવ્સોમાં મહાપાલિકાની ચૂંટણી પણ આવી છે ત્યારે ચૂંટણી પૂર્વે શાસક પક્ષ માટે સૌથી મોટો પડકાર શહેરના બિસ્માર રોડ-રસ્તાઓ છે. જેનું નિરાકરણ લાવવામાં મનપા તંત્ર નિષ્ફળ રહ્યું હોવાના અનેક દાખલાઓ રોજ મનપા કચેરીએ આવતા અનેક સોસાયટીના રહીશો આપી રહ્યા છે. ત્યારે જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપરના વોર્ડ નંબર-૫ અને ૭ના રહીશો જે અંતરિયાળ સોસાયટી વિસ્તારમાં રહે છે ત્યાં ભુગર્ભ ગટર અને ગેસની લાઈન માટે ખોદકામ પછી સમયસર પેચવર્ક કરવામાં ના આવતા આ તમામ વિસ્તારોમાં કાદવ-કિચડનું સામ્રજ્ય છવાયું છે. જેને લઈને છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારના લોકો દ્વારા અનેકવાર લેખિત, મૌખિક રજુઆત આ વિસ્તારના મુખ્ય ચાર નગરસેવકને કરી રહ્યા હતા પરંતુ તેમના દ્વારા કોઈ ધ્યાન આપવામાં ન આવતા રોષે ભરાયેલા આ વિસ્તારના લોકો જેમાં ખાસ કરીને મહિલાઓ રોડ ઉપર ઉતરી આવી હતી. ઝાંઝરડા રોડ ઉપર મહિલાઓએ માનવ સાંકળ બનાવીને પાંચ કલાક સુધી ચક્કાજામ કરી દેતા તંત્ર દોડતું થયું હતું. શરૂઆતમાં આંદોલનને પુરૂ કરવા માટે પોલીસ આવી હતી પરંતુ તે સફળ ના રહી, પોલીસે ખુબ પ્રયાસો કર્યા અને મહિલાઓને સમજાવી હતી પરંતુ મહિલાઓ ટસની મસ ના થતા આંદોલન ઉગ્ર બન્યું હતું. મહિલાઓએ આક્રોશભેર નગરપાલિકા હાય હાય, સંજય કોરડીયા હાય હાય, નગરસેવક હાય હાયના નારા લગાવીને કહ્યું કે, અમોએ મત અધિકારીઓને નથી આપ્યા અમારી સમસ્યા સાંભળવા માટે આ વિસ્તારના નગરસેવકોને આવવું જોઈએ તે તેમની ફરજનો ભાગ છે. સંજય કોરડીયા કયાં ગયા અત્યારે, મત જોતા હતા ત્યારે ભજીયા અને પફ ખવડાવ્યા હતા, બધુ ખવડાવ્યું અત્યારે કયા છુપાઈને બેઠા છો, આવે એટલે પહેલા અમારા રસ્તા ઉપર લઈ જવા છે, હાર પહેરાવીને તેનું સ્વાગત કરીશું અને હાલો અમારા વિસ્તારમાં ઉઘાડા પગે ચાલો અમને કેટલી સમસ્યા પડે છે તે જોવા માટે એવું જણાવ્યું હતું. આમ, આ રીતે મહિલાઓએ પોતાની વેદનાને પોલીસ સમક્ષ ઠાલવી હતી. ચક્કાજામના પગલે શરૂઆતના બે કલાક સુધી તો વાહનનોના થપ્પા લાગી ગયા હતા જેથી પોલીસે વાહન વ્યવહાર અટકે નહી તે માટે રસ્તાની બંને તરફ વાહનોને ડાયવર્ટ કરી દીધા હતા તેમ છતાં મહિલાઓ રસ્તા ઉપર ઉભી રહી હતી. વરસતા વરસાદે મહિલાઓએ પોતાની શકિતનો પરચો બતાવ્યો હતો અને હાર ના માનીને સતત પાંચ કલાક સુધી જયાં સુધી નગરસેવકે સ્થળ ઉપર આવીને તેમની સમસ્યા સાંભળી નહી ત્યાં સુધી ખડેપગે રહી હતી. અંતે ખાતરી મળતા આંદોલન સમેટાયું હતું. જયારે કાયદો વ્યવસ્થા બગડે નહી તે માટે પોલીસ વિભાગના બે ડીવાયએસપી સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. બંદોબસ્ત રહેલ પોલીસ સ્ટાફે છેક સુધી સારી કામગીરી બજાવી અને કુશળતાથી મામલો થાળે પાડયો હતો પરંતુ મહિલાઓ સાથે સમાધાન કરાવવા અને આંદોલન પૂર્ણ થાય અને વાહન વ્યવહાર ઝડપથી પૂર્વવત થાય તે માટે આખરે મહિલા પોલીસ અધિકારીઓએ જાતે ફોન કરીને નગરસેવકોનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો તે દરમ્યાન સ્થાનિક લોકોએ પણ નગરસેવકોને ફોન કરીને સ્થળ ઉપર આવવાનું જણાવતા આ વિસ્તારના ચારેય નગરસેવકોનું એક જ રટણ હતું તેઓ બહાર ગામ છે. ૬ કલાક સુધી રસ્તાઓ ચક્કાજામ કરી આંદોલન કરવા છતાં પણ ધારાસભ્ય કે નગરસેવક સ્થળ ઉપર આવી શકે તેવી સ્થિતિ રહી ન હતી. લોકોનો રોષ ચરમ સીમાએ હતો. પોલીસ દ્વારા પણ અનેક પ્રયાસો કરવામાં આવ્યા છતાં આંદોલનકારીઓ પોતાની વાત ઉપર મક્કમ હતા. નગરસેવકો અને પોલીસને પણ નક્કી થઈ ગયું હતું કે, જયાં સુધી કોઈ ચૂંટાયેલા પ્રતિનિધિ સ્થળ ઉપર નહી આવે ત્યાં સુધી આંદોલન પુરૂ થશે નહી. બાદમાં પોલીસે મધ્યસ્થી થઈ મહિલા કોર્પોરેટર સીમાબેન પીપલીયા સ્થળ ઉપર આવ્યા હતા. જેને સ્થાનિકોએ કહ્યું કે, અમારા વિસ્તારની હાલત જોવા રૂબરૂ આવવું જ પડશે તેથી કોર્પોરેટર સાથે સ્થાનિકોએ સોસાયટીઓની બદતર હાલત જોવા જવું પડ્યું હતું. તે અગાઉ મનપાના પાણી પુરવઠાના કાર્યપાલક ઈજનેર અલ્પેશ ચાવડા કે જેઓના માર્ગદર્શન હેઠળ ભુગર્ભ ગટર, પાણીની લાઈનની કામગીરી ચાલે છે તે અધિકારીએ સ્થળ ઉપર આવતા લોકોએ તેમનો ઉધડો લીધો હતો અને તેને પણ સોસાયટીઓની હાલત જોવા માટે ચાલીને લઈ ગયા હતા. આ મામલે મહાનગરપાલિકાના અધિકારી અલ્પેશ ચાવડાએ જણાવ્યું હતું કે, ઝાંઝરડા ઉપર જીવનધારા સોસાયટી અને અન્ય સોસાયટીઓના લોકો દ્વારા રોડ રસ્તાને લઈ રજૂઆત કરી હતી. જૂનાગઢના અલગ-અલગ વિસ્તારમાં વરસાદ રહી ગયા બાદ રોડ રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ત્યારે આ વિસ્તારના રહીશુંને એવું લાગ્યું હતું કે, આ વિસ્તારમાં કામ નહીં થાય પરંતુ આ વિસ્તારમાં પણ વહેલી તકે રોડ રસ્તાના કામ પૂરા કરવામાં આવશે. આ વિસ્તારમાં ઘણી જગ્યાએ ગટર ગેસ પાઈપલાઈનના કામ પૂર્ણ થઈ ગયા છે અને અમુક કામોના ટેસ્ટીંગ બાકી છે ત્યારે વરસાદ પડતા લોકોને જે હાલાકી પડી છે તેનું વહેલી તકે નિરાકરણ લાવવામાં આવશે.

# જૂનાગઢ ગિરનારની દૂધધારા પરિક્રમા માટે ૬ સંસ્થાને મંજુરી મળી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧

ઘણા સમયથી ગિરનારની દૂધધારા પરીક્રમા માટે જૂનાગઢની અનેક સંસ્થાઓએ મંજુરી માટે વન વિભાગને રજુઆત કરી હતી. જેનો વન વિભાગે સ્વીકાર કરી ૬ સંસ્થા મળી કુલ ૧૨૫ વ્યકિતને મંજુરી આપવામાં આવી છે. આ અંગે વન વિભાગના નાયબ વન સંરક્ષક અક્ષય જોશીએ પરિક્રમા માટે મંજૂરી માંગનાર મહંત કરમણ ભગતને લેખીતમાં જણાવ્યું હતું કે, આપના દ્વારા ગિરનારની દૂધધારા પરિક્રમા માટે ૨૦૦ વ્યક્તિઓની મંજૂરી માંગવામાં આવી હતી. પરંતુ ગાંધીનગર સ્થિત વન્યપ્રાણી અને ચિફ વાઈલ્ડ લાઈફ વોર્ડનના અગ્ર મુખ્ય વન સંરક્ષક દ્વારા અમને મળેલી સત્તા મુજબ આપને ૩૫ વ્યક્તિઓને દૂધધારા પરિક્રમા માટે મંજૂરી આપવામાં આવે છે. આપની સાથે અન્ય પાંચ સંસ્થાની પણ માંગણી આવી હતી. ત્યારે આપની સાથે તે ૯૦ લોકોને પણ લઈ જવાના મળી કુલ ૧૨૫ ભાવિકોને દૂધધારા પરિક્રમા માટે મંજૂરી આપવામાં આવી છે. પરિક્રમા કરનાર દરેક ભાવિકે ૪૦ રૂપિયાની ફી ભરવાની રહેશે. અભયારણ્યમાં પ્રવેશવાની આ મંજૂરી ૨ જૂલાઈ ૨૦૨૪ના એક દિવસ સુધીની સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીની રહેશે. પરિક્રમા દરમ્યાન વન વિભાગ તેમજ સરકારના પ્રવર્તમાન નિતી નિયમોનું પાલન કરવાનું રહેશે. સાથે ગિરનાર દૂધધારા પરિક્રમા રૂટની માહિતી તેમજ વ્યક્તિઓની માહિતી રેન્જ ફોરેસ્ટ ઓફિસરને આપવાની રહેશે ત્યાર બાદ જ ગિરનારની દૂધધારા પરિક્રમા માટે ગિરનાર અભયારણ્યમાં પ્રવેશ આપવામાં આવશે. જેમાં મહંત કરમણ ભગત, ગિરનારેશ્વર મહાદેવ મંદિર, ભવનાથ તળેટી સાથે ૩૫ લોકો, પૂર્વ ધારાસભ્ય-રાજુલા અંબરીષ ડેર સાથે ૩૫ લોકો, વિશ્વ હિન્દુ પરિષદ જૂનાગઢ જયેશ ખેસવાણી સાથે ૩૫ વ્યકિત, ડોળી એસોસિએશન જૂનાગઢના રમેશ બાવળીયા સાથે ૫ લોકો, વિપુલ કિશોર ગોહેલ સાથે ૫ લોકો અને વેલાવડની જગ્યાના મહંત મંગલગીરી રૂપગીરી સાથે ૧૦ લોકો મળી કુલ ૧૨૫ ભાવિકોને દૂધધારા પરિક્રમા માટે મંજુરી આપવામાં આવી છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



**પ્લોટ વેચવાના છે**
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં



**સી. સી. પડદાવાળા**
● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ
પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે
તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫



છેલ્લા દિવસો... છેલ્લી તક...
ખરીદી કરવા જરૂર પધારો નહીંતર અફસોસ....
ડોકટર એપ્રોન (લેબકોટ)
કોટન વ્હાટ તેમજ રંગીન
બધી સાઈઝનાં માત્ર રૂા. ૧૦૦/-
દરેક સ્કુલ યુનિફોર્મ તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે
**બોમ્બે બજાર**
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
**બીના ઈલેકટ્રોનિકસ**
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.